# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૨ * અંક-૯ * મે, ૨૦૧૮



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જે જીવ અન્યવશ છે તે ભલે મુનિવેશધારી હોય તોપણ સંસારી છે, નિત્ય દુઃખનો ભોગવનાર છે; જે જીવ સ્વવશ છે તે જીવન્મુક્ત છે, જિનેશ્વરથી કિંચિત્ ન્યૂન છે (અર્થાત્ તેનામાં જિનેશ્વરદેવ કરતાં જરાક જ ઊણપ છે). ૧૬૭૧.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૨૪૩)

● સંક્લેશપરિણામધારી પુરુષોંકી બુદ્ધિ સંસારકો બઢાનેવાલી હોતી હૈ. પરંતુ નિર્મલ ભાવધારી પુરુષોંકી પ્રવૃત્તિ યા સહનશીલતા સમ્યક્દર્શનરૂપી ધનકો દેનેવાલી હોતી હૈ. ૧૬૭૨. (શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૭૩)

● તીવ્ર તપ કરતા હુઆ ભી તથા શાસ્ત્રરૂપી સમુદ્રકા અવગાહન કરતા હુઆ ભી યદિ વૃદ્ધસેવા નહિ કરતા હૈ અર્થાત્ સત્પુરુષોંકી આજ્ઞામેં નહિ રહતા હૈ તો ઉસકા કદાપિ કલ્યાણ નહિ હો સકતા. ૧૬૭૩.

(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૧૫, શ્લોક-૩૬)

● તે ઈન્દ્રિયજન્યજ્ઞાન મોહસહિત હોવાથી પ્રમત્ત, પોતાની ઉત્પત્તિ માટે ઘણાં કારણોની અપેક્ષા રાખતું હોવાથી નિકૃષ્ટ, ક્રમપૂર્વક પદાર્થોને જાણવાવાળું હોવાથી વ્યુચ્છિન્ન તથા ઈહા વગેરે પૂર્વક જ થતું હોવાથી દુઃખરૂપ કહેવાય છે. ૧૬૭૪.

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૨૮૧)

● (હે જિનનાથ !) સદ્જ્ઞાનરૂપી નાવમાં આરોહણ કરી ભવસાગરને ઓળંગી જઈને, તું ઝડપથી શાશ્વતપુરીએ પહોંચ્યો. હવે હું નિજનાથના તે માર્ગે (—જે માર્ગે જિનનાથ ગયા તે જ માર્ગે) તે જ શાશ્વતપુરીમાં જાઉં છું; (કારણ કે) આ લોકમાં ઉત્તમ પુરુષોને (તે માર્ગ સિવાય) બીજું શું શરણ છે ? ૧૬૭૫.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર ટીકા, શ્લોક-૨૭૪)

● અસ્થિર, મલિન અને નિર્ગુણ એવી કાયા વડે સ્થિર, નિર્મળ અને સારભૂત ગુણવાળી ક્રિયા વૃદ્ધિગત થતી હોય તો તે ક્રિયા કેમ ન કરીએ ? (અર્થાત્ આ શરીર વિનાશી, મલિન અને ગુણ વગરનું છે, તેની મમતા છોડીને, તેમાં રહેલા અવિનાશી, પવિત્ર અને સારભૂત ગુણસહિત એવા આત્માની ભાવના જરૂર કર્તવ્ય છે.) ૧૬૭૬.

(મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૧૯)

વર્ષ–૧૨
અંક–૯




વિ. સંવત
૨૦૭૪
May
A.D. 2018

## ભાવશ્રુત વડે જ્ઞાનસ્વરૂપ આત્માને જે જાણે તે શ્રુતકેવળી
## (શ્રુતપંચમી અને આપણી ભાવના)

જેઠ સુદ ૫ના રોજ શ્રુતપંચમીનો મહા મંગલ દિવસ છે. સત્શ્રુતની આરાધના વડે આત્મામાં સમ્યક્ શ્રુતજ્ઞાન પ્રગટ કરીને મોક્ષમાર્ગ પ્રગટ કરવો તે જ મંગળ છે, તે જ સાચી જ્ઞાનઆરાધના છે.

‘શ્રુતજ્ઞાન’ કહેતાં લોકોની દૃષ્ટિ બાહ્યમાં શાસ્ત્રના લખાણ ઉપર જાય છે. શાસ્ત્રના લખાણના આધારે શ્રુતને ટકેલું માને છે; પરંતુ શ્રુતજ્ઞાન એ તો જ્ઞાન છે, અને જ્ઞાન તો આત્માના આધારે છે–એમ અંતરાત્મદૃષ્ટિ કોઈ વિરલા જ કરે છે.

એકવાર કોઈ જિજ્ઞાસુએ ગુરુદેવશ્રીને પ્રશ્ન પૂછ્યો–‘ભરતક્ષેત્રમાં અત્યારે કેટલું શ્રુતજ્ઞાન વિદ્યમાન છે ?’

ઉત્તરમાં ગંભીરતાથી ગુરુદેવશ્રીએ કહ્યું –‘ભરતક્ષેત્રમાં વિચરતાં સમ્યગ્જ્ઞાની જીવોમાં જે જીવના શ્રુતજ્ઞાનનો ઉઘાડ સર્વથી વધારે હોય તેટલું શ્રુતજ્ઞાન વિદ્યમાન છે અને બાકીનું વિચ્છેદ છે. ભલે શાસ્ત્રમાં શબ્દો લખેલા વિદ્યમાન હોય, પરંતુ જો તેનો આશય સમજનાર કોઈ જીવ વિદ્યમાન ન હોય તો તે વિચ્છેદરૂપ જ છે. એટલે ‘શ્રુતજ્ઞાન’ આત્માના આધારે ટકેલું છે, નહિ કે શબ્દોના આધારે.

સમ્યગ્જ્ઞાની જીવો શ્રુતની સાક્ષાત્ મૂર્તિ છે. તેવા જીવોની વાણીની ઉપાસના તે શ્રુતની જ ઉપાસના છે. શ્રુતજ્ઞાની જીવની વાણી તે શ્રુતનું સીધું

જીવ નિત્ય તેમ વળી અસંખ્યપ્રદેશી દર્શિત સમયમાં,
તેનાથી તેને હીન તેમ અધિક કરવો શક્ય ના. ૩૪૨. –શ્રી સમયસાર

નિમિત્ત છે; તેને તત્કાલબોધક કહી છે.

સાક્ષાત્ શ્રુતની મૂર્તિ એવા સમ્યગ્જ્ઞાની પુરુષ પાસેથી જ સત્શ્રુતની પ્રાપ્તિ થાય. એક વખત પણ સાક્ષાત્ જ્ઞાની પાસેથી સત્ સાંભળ્યા વગર એકલા શાસ્ત્રમાંથી પોતાની મેળે કોઈપણ જીવ સત્ સમજી શકે નહિ. જો વર્તમાન તેવા જ્ઞાનીનો સમાગમ ન મળ્યો હોય તો પૂર્વે કરેલા જ્ઞાનીના સમાગમના સંસ્કાર યાદ આવવા જોઈએ પણ જ્ઞાનીનો ઉપદેશ સાંભળ્યા વગર કોઈ પણ જીવને સમ્યગ્દર્શન થાય જ નહિ.

શ્રુતજ્ઞાનનું પ્રયોજન શુદ્ધાત્માને જાણવાનું છે; શ્રુતજ્ઞાન વડે જે જીવ પોતાના શુદ્ધાત્માને જાણે છે તેઓને કેવળીભગવાનો 'શ્રુતકેવળી' કહે છે—એમ સમયસારજીમાં કહ્યું છે; કેમકે બાર અંગ અને ચૌદ પૂર્વના જ્ઞાનનો આધાર એવો જ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મા તેણે જાણી લીધો તેથી તે શ્રુતકેવળી છે. અમુક શાસ્ત્રોને જાણે તે શ્રુતકેવળી—એ વ્યાખ્યા ભેદથી છે. પણ બધા જ્ઞાનનો આધાર શુદ્ધાત્મા છે, તેને જે જાણે તે શ્રુતકેવળી—એ વ્યાખ્યા અભેદદૃષ્ટિથી છે. એવા 'નિશ્ચય-શ્રુતકેવળી' આત્માઓ (એટલે કે સમ્યગ્દૃષ્ટિ જીવો) અત્યારે આ ભરતક્ષેત્રમાં વિરલ-વિરલ પણ જોવામાં આવે છે. ભરતક્ષેત્રના ભવ્યજીવોને એવા વિરલા શ્રુતજ્ઞાનીઓ પાસેથી સત્શ્રુતની પ્રાપ્તિ કરવાનું સૌભાગ્ય હજી તપી રહ્યું છે—અને હજારો વર્ષો સુધી અચ્છિન્નપણે રહેવાનું છે—વીરનાથનો માર્ગ પંચમકાળના અંત સુધી હજી સાડા અઢાર હજાર વર્ષ સુધી ચાલુ રહેવાનો છે.

ભલે આજે ભરતક્ષેત્રમાં બાર અંગ—ચૌદપૂર્વના જ્ઞાતા વિદ્યમાન નથી, તોપણ બાર અંગ અને ચૌદ પૂર્વ જેના આધારે છે એવા શુદ્ધાત્માને જાણનારા શ્રુતજ્ઞાનીઓ તો આજે પણ વિદ્યમાન છે. એ ભાવશ્રુતવડે મોક્ષમાર્ગી આજે પણ થઈ શકાય છે. બાર અંગ ચૌદ પૂર્વના જ્ઞાતાઓને જેવું શુદ્ધાત્માનું જ્ઞાન હતું તેવું જ શુદ્ધાત્માનું જ્ઞાન આજે પણ શ્રુતજ્ઞાનીઓને છે, અને પ્રગટ થઈ શકે છે—સ્વાત્માના શ્રુતજ્ઞાનની અપેક્ષાએ એ બંનેમાં કાંઈ ફેર નથી. બાર અંગ ચૌદપૂર્વના શ્રુતજ્ઞાનીઓ જેવા શુદ્ધાત્માને જાણતા હતા, તેવા જ શુદ્ધાત્માનું જ્ઞાન આજે પણ થઈ શકે છે. માટે ભવ્યજીવો અંતરંગમાં પ્રમોદ કરો કે આજે પણ સત્શ્રુત જયવંત વર્તે છે ! મોક્ષને સાધનારું શુદ્ધાત્મઅનુભૂતિરૂપ જ્ઞાન આજે પણ વિદ્યમાન વર્તે છે. ધન્ય કાળ !

**વિસ્તારથીય જીવરૂપ જીવનું લોકમાત્ર જ છે ખરે,**
**શું તેથી તે હીન-અધિક બનતો? કેમ કરતો દ્રવ્યને? ૩૪૩.** **–શ્રી સમયસાર**

—આ થઈ નિશ્ચય—શ્રુતની વાત. નિશ્ચયશ્રુત એટલે શ્રુતજ્ઞાન વડે શુદ્ધાત્માનું જ્ઞાન. આ શુદ્ધાત્માનું જ્ઞાન તો પંચમકાળના છેડા સુધી અવિચ્છિન્નપણે રહેવાનું છે, તેનો વિચ્છેદ નથી.


હવે વ્યવહાર—શ્રુતજ્ઞાન અપેક્ષાએ જોઈએ તો અત્યારે શ્રુતનો ઘણો મોટો ભાગ વિચ્છેદ થઈ ગયો છે, અને તેનો અંશ વિદ્યમાન છે. આજ બાર અંગ ચૌદ પૂર્વના જ્ઞાતા તો નથી પણ એક અંગના પણ પૂર્ણપણે જ્ઞાતા નથી છતાં—આજે આપણી પાસેથી શ્રુતનો જે નાનકડો અંશ વિદ્યમાન છે તે સર્વજ્ઞ પરંપરાથી અવિચ્છિન્નપણે આવેલો હોવાથી તેનું બિંદુ પણ સિંધુનું કાર્ય કરે છે.—વીતરાગી અમૃત ભલે થોડું હોય પણ તેના મહાન ફળને આપે જ છે.

આજે જે પવિત્ર સત્શ્રુત વિદ્યમાન છે તેમાં 'શ્રી षट्खंडागम' સૌથી પ્રાચીન અને સર્વજ્ઞ પરંપરાથી ચાલી આવેલા છે. આપણા સૌરાષ્ટ્ર દેશમાં ગિરનાર પર્વતની ચંદ્રગુફામાં એક મહામુનિ ધરસેનાચાર્ય ધ્યાન કરતા હતા. તેઓ અંગો



અને પૂર્વોના એકદેશના જ્ઞાતા હતા. તેઓ મહા વિદ્વાન અને શ્રુતવત્સલ હતા. એકવાર તેઓશ્રીને એવો ભય ઉત્પન્ન થયો કે હવે અંગ-શ્રુત વિચ્છેદ થઈ જશે....આથી તેઓને વિકલ્પ ઉઠ્યો કે શ્રુતજ્ઞાન અવિચ્છિન્નપણે જયવંત રહે! અને શ્રુતનું અવિચ્છિન્નપણે વહન કરી શકે એવા પુષ્પદંત મુનિ અને ભૂતબલિ મુનિ એ બે સમર્થ મુનિરાજો ધરસેનાચાર્ય પાસે આવ્યા, તેઓને આચાર્યદેવ પાસેથી જે શ્રુત મળ્યું તે પુસ્તકારૂઢ કર્યું, અને જેઠ સુદ ૫ના રોજ એ પુસ્તક (ષટ્ખંડાગમ)ની ભૂતબલિ આચાર્યદેવની હાજરીમાં ચતુર્વિધ સંઘે અંકલેશ્વરમાં

**માને તું—'જ્ઞાયક ભાવ તો જ્ઞાનસ્વભાવે સ્થિત રહે',**
**તો એમ પણ આત્મા સ્વયં નિજ આતમાને નહિ કરે. ૩૪૪.** —શ્રી સમયસાર



મહા પૂજા-પ્રભાવના કરી હતી. ત્યારથી તે તિથિએ શ્રુતની પૂજા અને મહોત્સવ થાય છે. અને તે દિવસ શ્રુતપંચમી તરીકે પ્રસિદ્ધ છે. જૈનશાસનમાં આચાર્ય ભગવંતોની પરમ કૃપાથી એ પવિત્ર શ્રુતનો લાભ આજે પણ આપણને મળે છે

ત્યાર પછી અધ્યાત્મશાસ્ત્રો રચાયાં. આજથી લગભગ ૨૦૦૦ વર્ષ પહેલાં મહાસમર્થ આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે સમયસાર વગેરે પરમ અધ્યાત્મ શાસ્ત્રોની રચના કરી; તેમાં સર્વજ્ઞદેવોની દિવ્યવાણીનું રહસ્ય સમાવી દીધું અને એ અપૂર્વ શ્રુતની પ્રતિષ્ઠા વડે તેઓશ્રીએ બાર અંગ અને ચૌદ પૂર્વના વિચ્છેદને ભૂલાવી દીધો. સ્વાનુભૂતિનો અગાધ વૈભવ આચાર્યદેવે તે શાસ્ત્રોમાં ભર્યો છે.

આ રીતે, જેમ નિશ્ચય શ્રુતજ્ઞાન આજે અવિચ્છિન્નપણે વર્તે છે તેમ, વ્યવહાર શ્રુત (દ્રવ્યશ્રુત) પણ અવિચ્છિન્નપણે વર્તી રહ્યું છે. પરંતુ આજે આપણી પાસે વિપુલ શ્રુતભંડાર શાસ્ત્રરૂપે વિદ્યમાન હોવા છતાં, તેનો અંતરંગ મર્મ તો શ્રુતજ્ઞાની પુરુષોનાં હૃદયમાં ભરેલો છે. શ્રીમદ્ રાજચંદ્રજી કહી ગયા છે કે શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે, પણ તેનો મર્મ તો જ્ઞાની પાસે છે, જ્ઞાનીના સમાગમે શાસ્ત્રનો મર્મ સમજીને જે શુદ્ધાત્માની સ્વાનુભૂતિ કરે છે તેના આત્મામાં શ્રુતજ્ઞાન સદાય જીવંત છે; તેને શ્રુતનો કદી વિરહ નથી.

સત્શ્રુતના એકેક સૂત્રમાં ભરેલા બાર અંગ અને ચૌદ પૂર્વના મૂળભૂત રહસ્યોને તો સાક્ષાત્ શ્રુતમૂર્તિ જ્ઞાનીઓ જ પ્રગટ કરી શકે. આજે એવા શ્રુતમૂર્તિ જ્ઞાની–સંતો પાસેથી આપણને એ શ્રુતનું રહસ્ય મળી રહ્યું છે તે આપણું સૌભાગ્ય છે.....એવા શ્રુતમૂર્તિની ઉપાસના વડે સત્શ્રુતની પ્રાપ્તિ થાય છે ને મોક્ષમાર્ગ ખુલે છે. આવું આત્મહિતકારી સત્શ્રુત સદાય જયવંત રહીને જગતનું કલ્યાણ કરો–એ જ મંગળ ભાવના!!!

**પર્યાય કંઈકથી વિણસે જીવ, કંઈકથી નહિ વિણસે,**
**તેથી કરે છે તે જ કે બીજો—નહીં એકાંત છે. ૩૪૫.** –શ્રી સમયસાર



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## સમ્યગ્દર્શનનું સ્વરૂપ અને તેનો અમોઘ ઉપાય

શુદ્ધનયથી જોઈએ તો જીવ-અજીવાદિ નવ તત્ત્વોમાં જીવ એક જ ચૈતન્ય ચમત્કારમાત્ર દેખાય છે, નવ તત્ત્વોને ભૂતાર્થનયથી જોતાં એક ત્રિકાળી જ્ઞાયકભાવ જણાય છે કે જેને દેખતાં જન્મ-મરણનો અંત આવી જાય છે. જેને દેખતાં અનંત અતીન્દ્રિય આનંદરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય એવો જે પૂર્ણ સ્વરૂપ ત્રિકાળી જ્ઞાયકભાવ, તેને યથાર્થસ્વરૂપે પ્રતીતિમાં લેતા સમ્યક્દર્શન થાય છે.

ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપને
આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે. ૧૩.

જીવાદિ નવ તત્ત્વો, ભૂતાર્થનયથી જાણ્યે સમ્યગ્દર્શન જ છે. એટલે કે નવમાં વ્યાપકરૂપ રહેલા એક જાણનારને દૃષ્ટિમાં લેતાં સમ્યગ્દર્શન થાય છે. જીવ-અજીવના સંબંધમાં પુણ્ય-પાપ, આસ્રવ અને બંધ—એ કર્મના સદ્‌ભાવની અપેક્ષાએ થાય છે અને સંવર, નિર્જરા તથા મોક્ષ—એ કર્મના અભાવની અપેક્ષાએ થાય છે. તેથી તે સર્વની અપેક્ષા રહિત એવા એક જ્ઞાયકભાવને દૃષ્ટિમાં લેતાં સમ્યગ્દર્શન થાય છે.

વ્યવહારનયથી નવ તત્ત્વો ભૂતાર્થ છે; પણ નવની ભેદ-દૃષ્ટિમાં સમ્યગ્દર્શન થતું નથી. નવ ભેદમાં જ્ઞાયકપણું જે એકરૂપ છે તેને જાણ્યે સમ્યગ્દર્શન થાય છે, ધર્મની શરૂઆત થાય છે. પૂર્ણજ્ઞાનઘનને વર્તમાન જ્ઞાનની પર્યાયમાં જાણીને પ્રતીતમાં લેતાં સમ્યગ્દર્શન પ્રગટે છે. એ રીતે જીવાદિ નવ તત્ત્વોમાં એકરૂપ એવા જ્ઞાયકભાવને જાણ્યે સમ્યગ્દર્શન થાય છે—એ નિયમ કહ્યો.

વ્યવહારધર્મની પ્રવૃત્તિ અર્થે અર્થાત્ ભૂતાર્થ એકરૂપ ત્રિકાળી જીવસ્વભાવને સમજાવવા માટે અભૂતાર્થનયથી જીવાદિ નવ તત્ત્વો કહેવામાં આવે છે, તોપણ તેમનામાં

> **પર્યાય કંઈકથી વિણસે જીવ, કંઈકથી નહિ વિણસે,**
> **જીવ તેથી વેદે તે જ કે બીજો—નહીં એકાંત છે. ૩૪૬. –શ્રી સમયસાર**

એકપણું પ્રગટ કરનાર ભૂતાર્થનય વડે એકપણું પ્રાપ્ત કરીને, ત્રિકાળી એકરૂપ આત્માનો અનુભવ થાય છે—આત્માની પ્રસિદ્ધિ પર્યાયમાં પ્રગટ થાય છે.

નવ તત્ત્વો છે ખરા, પણ નવ તત્ત્વોને જોતાં આત્મા પ્રસિદ્ધ થતો ન હતો, ઢંકાઈ ગયો હતો. નવ ભેદ છે ખરા, પણ તે આશ્રય કરવાલાયક નથી; પરંતુ તેમાંથી એકપણું પ્રગટ કરનાર જ્ઞાયકભાવને દેખતાં આત્મખ્યાતિ જેનું લક્ષણ છે એવા આત્માની અનુભૂતિ થાય છે.

જીવમાં કોઈ એવો ગુણ નથી કે તે પુણ્ય-પાપ આદિરૂપે થાય, પરંતુ પર્યાયબુદ્ધિવાળાને પર્યાયની યોગ્યતા છે તેથી પર્યાયમાં પુણ્ય-પાપાદિ ભાવ થાય છે અને તે વખતે કર્મ નિમિત્ત તરીકે હોવાથી વ્યવહારથી વિકારનો કરનાર કર્મ કહેવાય છે.

એકરૂપ જ્ઞાયકભાવમાં નવ ભેદ કેમ પડ્યા ?—કે જેને એકરૂપ જ્ઞાયકભાવ દ્રષ્ટિમાં આવ્યો નથી, તેને અનાદિ બંધપર્યાયની દ્રષ્ટિથી પુણ્ય-પાપ આદિ ભાવ થાય છે, માટે નવ ભેદ પડ્યા. એકને નવ ભેદ ન હોઈ શકે, પણ બીજાના સંગે—પુદ્‌ગલના સંગે નવ ભેદ પડે છે તે વાત અહીં કહી છે.

જીવની પર્યાયમાં પુણ્ય-પાપ આદિ વિકારી ભાવ થવા લાયક છે અને કર્મનો ઉદય વિકાર કરાવવામાં નિમિત્ત છે. તેવી જ રીતે ભાવઆસ્રવમાં જૂના કર્મ નિમિત્ત છે તેને જ અહીં દ્રવ્ય-આસ્રવ કહેલ છે. તે રીતે સંવર-નિર્જરા-બંધ વગેરે બધા ભાવમાં સમજવું. એ રીતે એક જ્ઞાયકભાવને એકલા પોતાની મેળે પુણ્ય-પાપાદિની ઉત્પત્તિ થતી નથી એટલે કે દ્રવ્ય-ભાવના નિમિત્તનૈમિત્તિક વિના નવની ઉત્પત્તિ થતી નથી.

વળી જીવ-પુદ્‌ગલના અનાદિ બંધપર્યાયની સમીપ જઈને જોઈએ તો, એટલે કે જીવ-અજીવના બંધપર્યાયની સાથે એકપણું અનુભવ કરતાં, રાગ સાથે એકપણું અનુભવ કરતાં, આ નવ તત્ત્વો ભૂતાર્થ છે. જીવ-પુદ્‌ગલના બંધપર્યાયને વિષય કરનાર વ્યવહારનયથી જોતાં તેઓ ભૂતાર્થ છે, સત્યાર્થ છે. પરંતુ જે એકરૂપ જ્ઞાયકભાવ છે એવા એક જીવદ્રવ્યના સ્વભાવને એકપણે અનુભવતાં નવ તત્ત્વો અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે એવા એક જીવદ્રવ્યની સમીપ જઈને એટલે કે તેની સાથે એકપણું કરીને અનુભવતાં, એકરૂપ જ્ઞાયકભાવને દેખતાં આ નવ તત્ત્વો અભૂતાર્થ છે.

**જીવ જે કરે તે ભોગવે નહિ—જેહનો સિદ્ધાંત એ,**
**તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે, અર્હંતના મતનો નથી. ૩૪૭. –શ્રી સમયસાર**

એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને, આશ્રય કરીને, સન્મુખ થઈને અનુભવ કરતાં નવ ભેદો–પર્યાયો અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, અનેકપણાના ભેદો જીવના એકાકાર સ્વરૂપમાં નથી. તેથી નવ તત્ત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે.

વળી, જ્ઞાયકભાવ જીવ છે અને જીવના વિકારનો–વિશેષ કાર્યનો હેતુ (નિમિત્તકારણ) અજીવ છે. પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ જીવનાં વિશેષ કાર્ય છે અને તેમનાં નિમિત્તકારણ જે પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા બંધ અને મોક્ષ એ કેવળ અજીવ છે. જીવ દ્રવ્યના સ્વભાવને છોડીને, પોતે અને પર એટલે કે જીવ અને પુદ્ગલ જેમના કારણ છે–કર્તા છે એવાં આ નવ તત્ત્વોને એક દ્રવ્યના પર્યાયપણે અનુભવતાં તેઓ ભૂતાર્થ છે. પરંતુ અખંડ, ધ્રુવ એકરૂપ જીવદ્રવ્યની સ્વભાવની સમીપે જઈને એટલે કે તેને દૃષ્ટિમાં લઈને એકપણાનો અનુભવ કરતાં આ નવ ભેદો અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.

વ્યવહારનયનો વિષય એવા આ નવ ભેદો છે ખરા, પરંતુ એક જ્ઞાયકભાવ એવા જીવદ્રવ્યના સ્વભાવનો આશ્રય કરતાં અનેકપણાનો અનુભવ થતો નથી, પરંતુ એકપણાનો જ અનુભવ થાય છે.

એ રીતે આ નવતત્ત્વો ભૂતાર્થનયથી દેખતાં એકપણાની જ અનુભૂતિ થાય છે કે જેનું લક્ષણ આત્મખ્યાતિ છે. એટલે કે નવ તત્ત્વોને ભૂતાર્થનયથી દેખતાં એકરૂપ જ્ઞાયકભાવની જ પર્યાયમાં પ્રસિદ્ધિ થાય છે અને તે જ સમ્યગ્દર્શન છે. (ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૧૮ થી ચાલુ)

એટલે આ માન્યતામાં અનંત પરિગ્રહનું મહાપાપ આવ્યું.

આ રીતે જગતના સર્વે મહાપાપો એક મિથ્યાત્વમાં જ સમાઈ જાય છે, તેથી જગતનું સૌથી મહાન પાપ મિથ્યાત્વ જ છે. અને સમ્યગ્દર્શન થતાં ઉપરના સર્વે મહાપાપોનો અભાવ જ હોય છે, અનંતાનુબંધી રાગ-દ્વેષ સર્વથા છૂટી જાય છે.–તેથી જગતનો સૌથી પ્રથમ ધર્મ સમ્યક્ત્વ જ છે. માટે હે જીવો! જો તમે મહાપાપથી બચવા ચાહતા હો તો મિથ્યાત્વને છોડો, સમ્યક્ત્વ પ્રગટ કરો.

**જીવ અન્ય કરતો, અન્ય વેદે—જેહનો સિદ્ધાંત એ,**
**તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, અર્હંતના મતનો નથી. ૩૪૮. –શ્રી સમયસાર**




## શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(તા. ૯-૫-૪૪, મંગળવાર) વ્યાખ્યાન નં. ૧૯
(ગાથા ૧૫)

હવે ટીકાકાર મુનિરાજે જે જીવોને પુણ્યનાં ફળની જ મીઠાશ છે તેને સંબોધીને કહે છે :—

नानानूननराधिनाथविभवानाकर्ण्य चालोक्य च
त्वं क्लिश्नासि मुधात्र किं जड़मते पुण्यार्जितास्ते ननु।
तच्छक्तिर्जिननाथपादकमलद्वन्द्वार्चनायामियं
भक्तिस्ते यदि विद्यते बहुविधा भोगाः स्युरेते त्वयि॥२९॥

હે જીવ! રાજા, મહારાજા કે દેવ વગેરે પદની વિભૂતિ દેખીને કે સાંભળીને તને વિસ્મય કેમ થાય છે? તેનો મહિમા તને કેમ આવે છે? એ તો બધા શુભરાગનાં ફળ છે. આત્મભાન પછી વચ્ચે ભગવાન તરફનો શુભરાગ આવે તેમાં ઈન્દ્ર વગેરે પદ પડ્યાં જ છે, તો તને તે પુણ્યનાં ફળનો મહિમા કેમ આવે છે? હે જડબુદ્ધિ!! જો તારી બુદ્ધિ જિનેન્દ્રદેવની ભક્તિમાં છે તો તે શુભભાવમાં એની મેળે ઈન્દ્ર વગેરે પદ આવી જશે, માટે ઈન્દ્રપદ વગેરેનો આદર છોડ! જિનેન્દ્ર ભગવાનનો વિકલ્પ મૂકીને ઈન્દ્રાદિપદનો વિકલ્પ પણ તને કેમ આવે છે?

અહીં મુનિરાજે ભગવાનની ભક્તિ જ માગી—એટલે અશુભ ભાવે તેનો નકાર જ કર્યો છે; અને દૃષ્ટિ તો શુદ્ધ સ્વભાવ ઉપર જ છે તેથી દૃષ્ટિની નિર્મળતા વધતાં વધતાં—વચ્ચે વિકલ્પ ઊઠે તેમાં એવાં ઊંચા પુણ્ય બંધાઈ જશે કે બહારમાં ઈન્દ્રાદિ પદનો સંયોગ સહેજે આવશે, પણ તે ઈન્દ્રપદનો કે શુભવિકલ્પનો પણ તેમને આદર નથી. જે જીવને પુણ્યનો અને તેના ફળનો આદર છે તેને મુનિરાજે ''જડમતિ'' કહ્યા છે.

''હે જડમતિ!'' એમ કહીને મુનિરાજે આત્માની નિર્મળ દૃષ્ટિમાં ભગવાન સિવાય બીજો વિકલ્પ આવે તેનો તિરસ્કાર કર્યો છે. પોતે છે તો જ્ઞાની, પણ સ્થિરતા તરફ એટલું જોર છે કે અશુભ વિકલ્પના અનાદરની ઉત્કૃષ્ટ ભાવનામાં ''હે જડમતિ''

> જ્યમ શિલ્પી કર્મ કરે પરંતુ તે નહીં તન્મય બને,
> ત્યમ જીવ પણ કર્મો કરે પણ તે નહીં તન્મય બને. ૩૪૯. —શ્રી સમયસાર

એમ સંબોધન કહ્યું છે. જે તને દૂર લાગે છે એવા ઈન્દ્રાદિ પદ શુદ્ધના લક્ષે વચ્ચે શુભરાગમાં સહેજે આવી જાય છે, માટે પુણ્યની ભાવના છોડ અને સ્વરૂપની ભાવના કર—એમ કહેવાનો આશય છે. ।।૧૭।।

હવે આત્મા કર્તા-ભોક્તા કઈ રીતે છે તે કહે છે :—

**कत्तॉ भोत्ता आदा पोग्गलकम्मस्स होदि ववहारा।**
**कम्मजभावेणादा कत्ता भोत्ता दु णिच्छयदो।।१८।।**

**कर्ता भोक्ता आत्मा पुद्गलकर्मणो भवति व्यवहारात्।**
**कर्मजभावेनात्मा कर्ता भोक्ता तु निश्चयतः।।१८।।**

વ્યવહારનયથી આ આત્મા આઠકર્મનો–કર્તા-ભોક્તા છે. વર્તમાન ક્ષણપૂરતા જીવના રાગાદિ ભાવોનું નિમિત્ત પામીને આઠ પ્રકારનાં કર્મો બંધાય છે એમ જ્ઞાની જાણે છે તેથી તે કહે છે કે વ્યવહારદૃષ્ટિવાળો એટલે કે જેનાથી પરલક્ષ ગયું છે એવો જીવ વ્યવહારથી કર્મનો ભોક્તા છે. પુદ્‌ગલ પરમાણુઓની અવસ્થા તો તેના સ્વતંત્ર કારણે થાય છે, ખરેખર જીવ તેની અવસ્થાનો કર્તા નથી; છતાં 'વ્યવહારનયથી જીવ કર્મનો કર્તા છે' એમ જ્ઞાનીના જ્ઞાનમાં નય પડે છે. જે જીવને પરલક્ષ છે તેને વ્યવહારે કર્તાપણું લાગુ પડ્યું. ત્યાં તે જીવની રાગાદિભાવરૂપ અવસ્થાને તથા તેના નિમિત્તે જે કર્મ બંધાણાં તેને નિમિત્તનૈમિત્તિક સંબંધ છે તેને જ્ઞાની જાણે છે અને તેથી જ્ઞાનીના જ્ઞાન કરવાની અપેક્ષાએ ''વ્યવહારનયે જીવ કર્મનો કર્તા ભોક્તા છે.'' એ જ્ઞાનીનો નય છે. અજ્ઞાનીને તો નયની સાચી ખબર જ નથી.

કર્મના નિમિત્તમાં જોડાવાથી થતા રાગાદિ વિકારી ભાવ–તેનો કર્તા-ભોક્તા અશુદ્ધનિશ્ચયનયથી આત્મા છે. રાગાદિભાવ તે અશુદ્ધ અવસ્થા હોવાથી અહીં અશુદ્ધનિશ્ચયનયથી તેનો કર્તા જીવ છે એમ કહ્યું છે. રાગાદિ તે આત્માની પર્યાય છે પરંતુ તે અશુદ્ધ છે તેથી તેને અશુદ્ધનિશ્ચયથી જીવના કહ્યા છે. 'રાગાદિભાવ તે આત્માનું સ્વરૂપ નથી, પણ અજ્ઞાની તેને પોતાનું સ્વરૂપ માને છે' એમ જ્ઞાની પોતાના જ્ઞાનમાં જાણે છે તેથી, પુણ્ય-પાપના ભાવનો કર્તા અને હર્ષ-શોકનો ભોક્તા અશુદ્ધનિશ્ચયનયથી છે. અજ્ઞાનીને સ્વરૂપનું ભાન નથી જેથી તે તો રાગાદિનું કર્તા-ભોક્તાપણું એ જ ખરું સ્વરૂપ માની બેઠો છે, તેને નયનું જ્ઞાન નથી.

**જ્યમ શિલ્પી કરણ વડે કરે પણ તે નહીં તન્મય બને,**
**ત્યમ જીવ કરણ વડે કરે પણ તે નહીં તન્મય બને. ૩૫૦. –શ્રી સમયસાર**

નિકટવર્તી અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી જીવ જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મનો કર્તા અને તેના ફળનો ભોક્તા છે. આત્માને મકાન વગેરે દૂર રહેલી વસ્તુનો કર્તા કહેવો ઉપચરિત વ્યવહાર છે અને નજીક રહેલાં કર્મોનો કર્તા કહેવો તે અનુપચરિત વ્યવહાર છે. સામે પુદ્ગલોની અવસ્થા ઘર વગેરેરૂપ થાય છે અને ત્યાં આત્માના રાગાદિ વિકલ્પભાવનું નિમિત્ત છે—તે બંનેનું જ્ઞાન કરીને પોતાના જ્ઞાનમાં નય—અપેક્ષા જ્ઞાની સમજે છે. જ્યારે મકાન વગેરે થતું હોય ત્યારે ત્યાં વિકારીભાવવાળો જ જીવ નિમિત્તરૂપે હોય, કાંઈ સિદ્ધભગવાન નિમિત્તરૂપે ત્યાં ન હોય! પરમાણુઓમાં મકાન થવાની યોગ્યતા અને ત્યાં હાજર રહેલા જીવનો મકાન તરફનો વિકલ્પ—એ બંનેના નિમિત્ત-નૈમિત્તિક સંબંધના જ્ઞાનનું જે પડખું તેને "અસદ્ભૂત ઉપચરિત વ્યવહારનય" કહેવાય છે, અને ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી જીવ મકાન વગેરેનો કર્તા છે.

પરવસ્તુ સાથે જીવને કર્તાભોક્તાસંબંધ કહેવો તે ઉપચાર જ છે, અને તે ઉપચારસંબંધનું જ્ઞાન તે નય છે, એ નય કોના જ્ઞાનમાં પડે? જીવ અને પુદ્ગલ બંને દ્રવ્ય જુદે જુદાં છે, બંનેની પર્યાય જુદી જ છે, કોઈ એક બીજાના કર્તા નથી. આમ વાસ્તવિક નિશ્ચય સ્વરૂપ જાણે, પછી જીવના વર્તમાન વિકારભાવને અને પુદ્ગલની અવસ્થાને જે નિમિત્તનૈમિત્તિક સંબંધ છે અને તેને લીધે એક બીજાના કર્તાપણાનો ઉપચાર છે તેનું જે જ્ઞાન કરે છે તેના જ્ઞાનમાં નય પડે છે; ત્યાં જે સ્વરૂપનું જ્ઞાન તે નિશ્ચયનય છે અને પર સંબંધનું જ્ઞાન તે વ્યવહારનય છે. પરંતુ જેને બે દ્રવ્યની જુદાઈની ખબર નથી અને જીવ પરનું ખરેખર કરી શકે એમ માને છે, તેને તો નિશ્ચય (ખરા) સ્વરૂપની ખબર નથી, અને નિશ્ચય સ્વરૂપના ભાન વગર વ્યવહાર સંબંધનું જ્ઞાન પણ સાચું હોય નહિ અને સાચું જ્ઞાન ન હોય ત્યાં નય પણ હોય નહિ, તેથી અજ્ઞાનીને સાચા નય હોતા નથી.

જ્ઞાનને આવરણ કરનાર જ્ઞાનાવરણીય કર્મનું ફળ જડ કર્મમાં આવ્યું છે. અસદ્ભૂત અનુપચરિત વ્યવહારનયથી આત્મા કર્મના ફળનો ભોક્તા છે. ખરેખર—નિશ્ચયથી તો આત્મા જડકર્મના ફળનો ભોક્તા નથી, પરંતુ જ્યારે જડમાં જ્ઞાનાવરણીય કર્મનું ફળ આવ્યું ત્યારે જીવના પુરુષાર્થની નબળાઈને કારણે તે ફળમાં જોડાણ થયું (અર્થાત્ પરલક્ષ કર્યું) તેથી જીવનું જ્ઞાન હીણું પડ્યું; આ રીતે જ્ઞાનાવરણકર્મનો ઉદય અને જીવની વિકારી પર્યાય તે બંનેના નિમિત્ત-નૈમિત્તિક સંબંધને જાણીને જ્ઞાની કહે છે કે—અસદ્ભૂત અનુપચરિત વ્યવહારનયથી જીવ કર્મના ફળનો ભોક્તા છે. (ક્રમશઃ)

**જ્યમ શિલ્પી કરણ ગ્રહે પરંતુ તે નહીં તન્મય બને,**
**ત્યમ જીવ પણ કરણો ગ્રહે પણ તે નહીં તન્મય બને. ૩૫૧. —શ્રી સમયસાર**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે મનુષ્યના ભેદ કહે છે :—

**अज्ञवमिलेच्छखंडे भोगमहीसु वि कुभोगभूमीसु ।**
**मणुया हवंति दुविहा णिव्वित्तिअपुण्णगा पुण्णा ।।१३२।।**

અર્થ :—આર્યખંડમાં, મ્લેચ્છખંડમાં, ભોગભૂમિમાં તથા કુભોગભૂમિમાં મનુષ્ય છે. તે ચારે (પ્રકારના) મનુષ્યોના પર્યાપ્ત તથા નિર્વૃત્તિ-અપર્યાપ્તથી આઠ પ્રકાર થયા.

**संमुच्छिणा मणुस्सा अज्ञवखंडेसु होंति णियमेण ।**
**ते पुण लद्धिअपुण्णा णारयदेवा वि ते दुविहा ।।१३३।।**

અર્થ :—સમ્મૂર્ચ્છન મનુષ્ય નિયમથી આર્યખંડમાં જ હોય અને તે લબ્ધ્યપર્યાપ્તક જ હોય છે. વળી નારકી તથા દેવના, પર્યાપ્ત અને નિર્વૃત્ત્યપર્યાપ્તના ભેદથી, ચાર પ્રકાર છે.

ભાવાર્થ : એ પ્રમાણે તિર્યંચના પંચાશી ભેદ, મનુષ્યના નવ ભેદ, નારકી તથા દેવના ચાર ભેદ એમ બધાય મળી અટ્ઠાણું ભેદ થયા. ઘણાને સમાનતાથી ભેગા કરી—સંક્ષેપતાથી સંગ્રહ કરી—કહેવામાં આવે તેને સમાસ કહે છે. અહીં ઘણા જીવોનો સંક્ષેપ કરીને કહેવું તેને જીવસમાસ જાણવો. એ પ્રમાણે જીવસમાસ કહ્યા.

હવે પર્યાપ્તિનું વર્ણન કરે છે :—

**आहारसरीरिंदियणिस्सासुस्सासभासमणसाणं ।**
**परिणइवावारेसु य जाओ छ च्चेव सत्तीओ ।।१३४।।**

અર્થ :—આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મનના પરિણમનની પ્રવૃત્તિમાં જે સામર્થ્ય છે તેમ છ પ્રકારની પર્યાપ્તિ છે.

ભાવાર્થ :—આત્માને યથાયોગ્ય કર્મનો ઉદય થતાં આહારાદિ ગ્રહણની શક્તિ હોવી તેને શક્તિરૂપ પર્યાપ્તિ કહીએ છીએ. તેના છ પ્રકાર છે.

હવે શક્તિનું કાર્ય કહે છે :—

**શિલ્પી કરમફળ ભોગવે પણ તે નહીં તન્મય બને,**
**ત્યમ જીવ કરમફળ ભોગવે પણ તે નહીં તન્મય બને. ૩૫૨. –શ્રી સમયસાર**

तस्सेव कारणाणं पुग्गलखंधाण जा हु णिप्पत्ति।
सा पज्जत्ती भण्णदि छब्भेया जिणवरिंदेहिं ॥१३५॥

અર્થ :—એ શક્તિની પ્રવૃત્તિની પૂર્ણતાના કારણરૂપ જે પુદ્ગલસ્કંધ છે તેની પ્રગટપણે નિષ્પત્તિ અર્થાત્ પૂર્ણતા હોવી તેને જિનેન્દ્રદેવ દ્વારા કહેવામાં આવેલી છ ભેદવાળી પર્યાપ્તિ છે.

હવે પર્યાપ્ત અને નિર્વૃત્ત્યપર્યાપ્તનો કાળ કહે છે :—

पज्जत्तिं गिह्णंत्तो मणुपज्जत्तिं ण जाव समणोदि।
ता णिव्वत्तिअपुण्णो मणुपुण्णो भण्णदे पुण्णो ॥१३६॥

અર્થ :—આ જીવ, પર્યાપ્તિને ગ્રહણ કરતો થકો જ્યાં સુધી મનપર્યાપ્તિને પૂર્ણ ન કરે ત્યાં સુધી તેને નિર્વૃત્ત્યપર્યાપ્તક કહેવાય છે, અને જ્યારે મનપર્યાપ્તિ પૂર્ણ થાય છે ત્યારે તેને પર્યાપ્તક કહે છે.

ભાવાર્થ :—અહીં સંજ્ઞીપંચેન્દ્રિય જીવની અપેક્ષા લક્ષમાં લઈ આ પ્રમાણે કથન કર્યું છે; પરંતુ અન્ય ગ્રંથોમાં જ્યાં સુધી શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી તે નિર્વૃત્ત્યપર્યાપ્તક છે. એ પ્રમાણે સર્વજીવ-આશ્રિત કથન છે.

હવે લબ્ધ્યપર્યાપ્તકનું સ્વરૂપ કહે છે :—

उस्सासट्ठारसमे भागे जो मरदि ण य समाणेदि।
एका वि य पज्जत्ती लद्धिअपुण्णो हवे सो दु ॥१३७॥

અર્થ :—જે જીવ, શ્વાસના અઢારમા ભાગમાં મરણ પામે, એક પણ પર્યાપ્તિ પૂર્ણ ન કરે તે જીવને લબ્ધ્યપર્યાપ્તક કહે છે.

**લબ્ધ્યપર્યાપ્તક જીવ એક શ્વાસમાં અઢાર વખત જન્મ-મરણ કરે છે અટલે કે એક શ્વાસના અઢારમાં ભાગમાં મરે છે. આ જીવ, એવા ભવ અનંતવાર કરી ચૂક્યો છે. જ્ઞાની, આમ વિચારીને પોતાના જ્ઞાનની વિશાળતા કરે છે અને વીતરાગતાની વૃદ્ધિ કરે છે.**

હવે એકેન્દ્રિયાદિ જીવોની પર્યાપ્તિની સંખ્યા કહે છે :—

लब्धिअपुण्णे पुण्णं पज्जत्ती एयक्खवियलसण्णीणं।
चदु-पण-छक्कं कमसो पज्जत्तीए वियाणेह ॥१३८॥

**—એ રીત મત વ્યવહારનો સંક્ષેપથી વક્તવ્ય છે;**
**સાંભળ વચન નિશ્ચય તણું પરિણામવિષયક જેહ છે. ૩૫૩.** **–શ્રી સમયસાર**

અર્થ :—એકેન્દ્રિયની ચાર, વિકલત્રયની પાંચ અને સંજ્ઞીપંચેન્દ્રિયની છ એ પ્રમાણે ક્રમથી પર્યાપ્તિ હોય છે, વળી લબ્ધ્યપર્યાપ્તક છે તે અપર્યાપ્તક છે, તેઓને પર્યાપ્તિ નથી.

ભાવાર્થ :—એકેન્દ્રિયાદિકની ઉપર પ્રમાણે ક્રમથી પર્યાપ્તિ કહી. અહીં અસંજ્ઞીનું નામ પણ લીધું નથી. ત્યાં સંજ્ઞીને છ તથા અસંજ્ઞીને પાંચ પર્યાપ્તિ જાણવી. વળી નિર્વૃત્ત્યપર્યાપ્તક, ગ્રહણ કરતાંની સાથે જ પૂર્ણ થશે તેથી (તેમની) જે સંખ્યા કહી છે તે જ છે અને લબ્ધ્યપર્યાપ્તક જોકે ગ્રહણ કરી છે તો પણ પૂર્ણ થઈ શકી નહિ તેથી તેને અપૂર્ણ કહ્યા એમ સૂચવે છે. એ પ્રમાણે પર્યાપ્તિનું વર્ણન કર્યું.

હવે પ્રાણોનું વર્ણન કરે છે. ત્યાં પ્રાણોનું સ્વરૂપ અને સંખ્યા કહે છે :—

**मणवयणकायइंदियणिस्सासुस्सासआउ-उदयाणं ।**
**जेसिं जोए जम्मदि मरदि विओगम्मि ते वि दह पाणा ।।१३९।।**

અર્થ :—મન, વચન, કાય, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ અને આયુનો ઉદય એના સંયોગથી તો ઊપજે–જીવે તથા એના વિયોગથી મરે તેને પ્રાણ કહે છે, અને તે દશ છે.

ભાવાર્થ :—'જીવ' એવો પ્રાણધારણ અર્થ છે. ત્યાં વ્યવહારનયથી દશ પ્રાણ છે. તેમાં, યથાયોગ્ય પ્રાણસહિત જે જીવે તેને 'જીવ' સંજ્ઞા છે.

જે પ્રાણ ધારણ કરે છે, તે જીવ છે. નિશ્ચયથી તે સમસ્ત જીવ, ચૈતન્યસ્વરૂપ પ્રાણથી જીવે છે. નિયમસારમાં પણ તેનું ઘણું વર્ણન આવ્યું છે. જીવ, ત્રિકાળ શુદ્ધ ચિદાનંદસ્વભાવથી જીવે છે. એટલે બધા જીવો કારણશુદ્ધ જીવ છે, તે જ કારણપરમાત્મા છે. જેમને કેવળજ્ઞાનાદિ શુદ્ધકાર્ય પ્રગટ થઈ ગયું છે, તે જીવ કાર્યશુદ્ધજીવ છે, તે કાર્યપરમાત્મા છે.

જીવ, દસ પ્રાણોથી જીવે છે—આમ કહેવું તે વ્યવહાર છે. જીવ, પોતાની પર્યાપ્તિના ભેદ તેના પ્રાણોના ભેદ—આ બધાને સર્વજ્ઞ સિવાય કોઈ જાણી શકતું નથી. નિશ્ચયથી તો બધા જીવો ઉપયોગસ્વરૂપ છે—એમ જ્ઞાન કરીને પોતાને સ્વભાવ સન્મુખ કરવાની વાત છે. બધા જીવોને જાણવાવાળો પોતાનો જ્ઞાનસ્વભાવ છે. તે સ્વભાવને જાણ્યા વગર એકલો ભેદોને યાદ કરે તો તેનાથી પોતાનું કલ્યાણ થતું નથી. (ક્રમશઃ)

**શિલ્પી કરે ચેષ્ટા અને તેનાથી તેહ અનન્ય છે,**
**ત્યમ જીવ કર્મ કરે અને તેનાથી તેહ અનન્ય છે. ૩૫૪. –શ્રી સમયસાર**

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

## હે જીવો ! મિથ્યાત્વના મહાપાપને છોડો

"મિથ્યાત્વ સમાન અન્ય કોઈ પાપ નથી; મિથ્યાત્વનો સદ્ભાવ રહેતાં અન્ય અનેક ઉપાય કરવા છતાં પણ મોક્ષ થતો નથી. માટે હરકોઈ ઉપાય વડે પણ સર્વ પ્રકારથી એ મિથ્યાત્વનો નાશ કરવો યોગ્ય છે." (મોક્ષમાર્ગપ્રકાશક અધ્યાય–૭ પાનું ૨૭૩)

"આ જીવ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ અનાદિકાળથી પરિણમે છે અને એ જ પરિણમન વડે સંસારમાં અનેક પ્રકારનાં દુઃખ ઉપજાવવાવાળાં કર્મોનો સંબંધ થાય છે. એ જ ભાવ સર્વ દુઃખોનું બીજ છે, અન્ય કોઈ નથી. માટે હે ભવ્ય! જો તું દુઃખથી મુક્ત થવા ઈચ્છે છે તો સમ્યગ્દર્શનાદિ વડે એ મિથ્યાદર્શનાદિક વિભાવોનો અભાવ કરવો એ જ કાર્ય છે, એ કાર્ય કરતાં તારું પરમ કલ્યાણ થશે."

(મોક્ષમાર્ગ પ્રકાશક, અધ્યાય–૪ પા. ૯૫)

આ મોક્ષમાર્ગપ્રકાશકમાં અનેક પ્રકારે મિથ્યાદૃષ્ટિઓનું સ્વરૂપ નિરૂપણ કરવાનો હેતુ એ છે કે, મિથ્યાત્વનું સ્વરૂપ સમજીને જો પોતામાં તેવો મહા દોષ હોય તો તે ટાળવો. પોતે પોતાના દોષ ટાળીને સમ્યક્ત્વ ગ્રહણ કરવું. પણ બીજા જીવોમાં તેવો દોષ હોય તો તે જોઈને તે જીવ ઉપર કષાય કરવો નહિ. બીજા પ્રત્યે કષાયી બનવા માટે આ કહ્યું નથી. હા, એટલું ખરું કે બીજામાં તેવા મિથ્યાત્વાદિ દોષ હોય તો તેનો ધર્મબુદ્ધિથી આદર-વિનય ન કરવો, પરંતુ તેના ઉપર દ્વેષ કરવાનું કહ્યું નથી.

પોતામાં મિથ્યાત્વ હોય તેનો નાશ કરવા માટે જ અહીં મિથ્યાત્વનું સ્વરૂપ બતાવ્યું છે, કેમ કે અનંત જન્મ-મરણનું મૂળ કારણ જ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ વિનાના ક્રોધ-માન-માયા-લોભ-હિંસા-જુઠું-ચોરી એ કાંઈ અનંત સંસારનું કારણ નથી, તેથી ખરેખર તે મહા પાપ નથી; પણ ઊંધી માન્યતા એ જ અનંત અવતાર ફાટવાનું મૂળિયું છે, તેથી તે જ મહાન પાપ છે અને તેમાં સર્વ પાપ સમાઈ જાય છે. મિથ્યાત્વ સમાન અન્ય કોઈ પાપ જ જગતમાં નથી. ઊંધી માન્યતામાં પોતાના સ્વભાવની હિંસાનું અનંત પાપ છે. કુદેવાદિને માન્યા તેમાં ગૃહીતમિથ્યાત્વનું અત્યંત સ્થૂળ મહાન પાપ છે.

લડાઈમાં ઊભો હોય તેના પાપ કરતાં એક ક્ષણના મિથ્યાત્વના સેવનનું પાપ

**ચેષ્ટા કરંતો શિલ્પી જેમ દુખિત થાય નિરંતરે.**
**ને દુખથી તેહ અનન્ય, ત્યમ જીવ ચેષ્ટમાન દુખી બને. ૩૫૫. –શ્રી સમયસાર**

અનંતગણું અધિક છે. સમકિતી લડાઈમાં ઊભો હોય છતાં, તેને મિથ્યાત્વનું સેવન નથી, તેથી તે વખતે પણ તેને અનંત સંસારના કારણરૂપ બંધનનો અભાવ જ છે. સમ્યગ્દર્શન થતાં જ એકતાલીસ પ્રકારના કર્મનું બંધન તો થતું જ નથી. મિથ્યાત્વનું સેવન કરનાર મહા પાપી છે. જે મિથ્યાત્વનું સેવન કરે છે અને શરીરાદિની ક્રિયા પોતાને આધીન માને છે તે જીવ ત્યાગી થઈને પૂંજણી વડે પૂંજતો હોય તે વખતે પણ તેને અનંત સંસારનું બંધન જ પડે છે અને તેને સર્વ કર્મ પ્રકૃતિઓ બંધાય છે. અને 'શરીરની કોઈ ક્રિયા કે એક વિકલ્પ પણ મારું સ્વરૂપ નથી, હું તેનો કર્તા નથી પણ હું જ્ઞાનસ્વરૂપ છું'—એવા ભાન દ્વારા જેણે મિથ્યાત્વનો નાશ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે તે જીવ લડાઈમાં હો કે વિષય સેવન કરતો હોય છતાં પણ તે વખતે તેને સંસારની વૃદ્ધિ થતી નથી અને એકતાલીસ પ્રકૃતિના બંધનો તો અભાવ જ છે. આ જગતમાં મિથ્યાત્વરૂપી ઊંધી માન્યતા સમાન પાપ અન્ય કોઈ નથી.

આત્માનું ભાન કરતાં અપૂર્વ સમ્યગ્દર્શન પ્રગટે છે. એ સમ્યગ્દર્શન સહિત જીવ લડાઈમાં હોવા છતાં તેને અલ્પ પાપ છે અને તે પાપ તેને સંસારની વૃદ્ધિ કરી શકતું નથી, કેમકે તેને મિથ્યાત્વનું અનંતુ પાપ ટળી ગયું છે અને આત્માના અભાનમાં મિથ્યાદૃષ્ટિ જીવ પુણ્યાદિની ક્રિયાને પોતાનું સ્વરૂપ માને છે તે પૂંજણી વડે પૂંજતો હોય તે વખતે પણ તેને, લડાઈ લડતા અને વિષય ભોગવતા સમ્યગ્દૃષ્ટિ જીવ કરતાં અનંતુ મોટું પાપ મિથ્યાત્વને લીધે થાય છે. આવું મિથ્યાત્વનું મહાન પાપ છે અને સમ્યગ્દ્રષ્ટિ જીવ અલ્પકાળમાં જ મોક્ષદશા પામવાનો છે—આવો મહાન ધર્મ સમ્યગ્દર્શનમાં છે.

જગતના જીવો સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનનું સ્વરૂપ જ સમજ્યા નથી. પાપનું માપ બહારના સંયોગ ઉપરથી કાઢે છે, પરંતુ ખરું પાપ—ત્રિકાળ મહાન પાપ—તો એક સમયના ઊંધા અભિપ્રાયમાં છે, તે મિથ્યાત્વનું પાપ તો જગતના ખ્યાલમાં જ આવતું નથી. અને અપૂર્વ આત્મભાન પ્રગટતાં અનંત સંસાર કપાઈ ગયો અને અભિપ્રાયમાં સર્વ પાપ ટળી જ ગયાં—એ સમ્યકદર્શન શું ચીજ છે તે જગતના જીવોએ યથાર્થપણે સાંભળ્યું પણ નથી.

મિથ્યાત્વરૂપી મહાનપાપના સદ્ભાવમાં જે જીવ વ્રત, તપ, દેવદર્શન-ભક્તિ, પૂજા વગેરે શુભભાવ કરે, દેશસેવાના ભાવ કરે છતાં તેને જરા પણ સંસાર ટળતો નથી. એક સમ્યગ્દર્શન (આત્માના સ્વરૂપની સાચી આળખાણ)ના ઉપાય સિવાય બીજા જે

**જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**
**જ્ઞાયક નથી ત્યમ પર તણો, જ્ઞાયક ખરે જ્ઞાયક તથા; ૩૫૬.** **–શ્રી સમયસાર**

અનંત ઉપાય છે એ બધા ઉપાય કરવા છતાં મિથ્યાત્વ ટાળ્યા સિવાય ધર્મનો અંશ પણ થાય નહિ, અને જન્મ-મરણ એક પણ ટળે નહિ. માટે હરકોઈ ઉપાય વડે—સર્વ પ્રકારે ઉદ્યમ કરીને—મિથ્યાત્વનો નાશ કરી સમ્યક્ત્વ શીઘ્ર પ્રાપ્ત કરવું જરૂરી છે. સમ્યક્ત્વનો ઉપાય કરવો એ જ માનવજીવનનું મહા કર્તવ્ય છે.

એ ખાસ ધ્યાન રાખવું કે કોઈપણ શુભભાવની ક્રિયા કે વ્રત-તપ એ સમ્યક્ત્વ પ્રગટ કરવાનો ઉપાય નથી, પરંતુ પોતાના આત્મસ્વરૂપની સમજણ અને પોતાના આત્માની રુચિ તથા લક્ષપૂર્વક સત્સમાગમ એ જ તેનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી.

'હું પરનું કરી શકું, પર મારું કરી શકે અને પુણ્ય કરતાં કરતાં ધર્મ થાય' એવા પ્રકારની મિથ્યાત્વની ઊંધી માન્યતામાં એક ક્ષણમાં અનંતી હિંસા છે, અનંત અસત્ય છે, અનંત ચોરી છે, અનંત અબ્રહ્મચર્ય(વ્યભિચાર) છે અને અનંત પરિગ્રહ છે, કેમ કે અનંતાનુબંધી રાગ-દ્વેષનું સેવન એક મિથ્યાત્વમાં છે.

૧—'હું પરદ્રવ્યનું કરી શકું' એટલે જગતમાં અનંત પરદ્રવ્ય છે તે સર્વેને પરાધીન માન્યાં. અને 'પર મારું કરી શકે' એટલે પોતાના સ્વભાવને પરાધીન માન્યો.—આ માન્યતામાં જગતના અનંત પદાર્થો અને પોતાના અનંત સ્વભાવની સ્વાધીનતાનું ખૂન કર્યું,—તેથી તેમાં અનંત હિંસાનું મહાન પાપ આવ્યું.

૨—જગતના બધા પદાર્થો સ્વાધીન છે તેને બદલે બધાને પરાધીન—વિપરીતસ્વરૂપે માન્યા તથા જે પોતાનું સ્વરૂપ નથી તેને પોતાનું સ્વરૂપ માન્યું.—એ માન્યતામાં અનંત અસત્ સેવનનું મહાપાપ આવ્યું.

૩—પુણ્યનો એક વિકલ્પ કે કોઈ પણ પરવસ્તુને જેણે પોતાની માની તેને ત્રણે કાળના પરવસ્તુ અને વિકાર ભાવને પોતાનું સ્વરૂપ માનીને અનંતા પરદ્રવ્યની ચોરીનું મહાન પાપ કર્યું છે.

૪—એક દ્રવ્ય બીજાનું કંઈ પણ કરી શકે એમ માનનારે સ્વદ્રવ્ય-પરદ્રવ્યને ભિન્ન ન રાખતાં તે બે વચ્ચે વ્યભિચાર કરી, બેમાં એકપણું માન્યું, અને એવા અનંત પરદ્રવ્યો સાથે એકતારૂપ વ્યભિચાર કર્યો, એમાં અનંત મૈથુનસેવનનું મહાપાપ છે.

૫—એક રજકણ પણ પોતાનો નથી છતાં હું તેનું કરી શકું એમ જે માને છે તે પરદ્રવ્યને પોતાનું માને છે. ત્રણે જગતના જે પરપદાર્થો છે તે સર્વને પોતાના માને છે.

(જુઓ અનુસંધાન પેજ નં. ૯ ઉપર)

**જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**
**દર્શક નથી ત્યમ પર તણો, દર્શક ખરે દર્શક તથા; ૩૫૭.** —**શ્રી સમયસાર**

# આત્માર્થીની ધગશ

જેને આત્માની ખરી ધગશ જાગે....આત્માની ગરજ થાય તે જીવની દશા કેવી હોય? તે સમજાવતાં એક વાર પૂજ્ય ગુરુદેવશ્રીએ કહ્યું હતું કે–

આત્માર્થીને સમ્યગ્દર્શન પહેલા સ્વભાવ સમજવા માટે એટલો તીવ્ર રસ હોય કે શ્રીગુરુ પાસેથી સ્વભાવ સાંભળતાં જ તે ગ્રહણ થઈને આત્મામાં ગરી જાય....આત્મામાં પરિણમી જાય...... "અહો! મારો આવો સ્વભાવ ગુરુએ બતાવ્યો'.....એમ ગુરુનો ઉપદેશ ઠેઠ આત્મામાં સ્પર્શી જાય.

જેમ કોરા ઘડા ઉપર પાણીનું ટીપું પડતાં જ તે ચૂસી લ્યે છે, અથવા ધગધગતા લોઢા ઉપર પાણીનું ટીપું પડતાં જ તે ચૂસી લ્યે છે, તેમ દુઃખથી અતિ સંતપ્ત થયેલા આત્માર્થી જીવને શ્રીગુરુ પાસેથી શાંતિનો ઉપદેશ મળતાં જ તે ચૂસી લ્યે છે એટલે કે તરત જ તે ઉપદેશને પોતાના આત્મામાં પરિણમાવી દ્યે છે.

આત્માર્થીને સ્વભાવની જિજ્ઞાસા અને ઝંખના એવી ઉગ્ર હોય કે 'સ્વભાવ' સાંભળતાં તો હૃદયમાં સોંસરવટ ઊતરી જાય.....અરે! 'સ્વભાવ' કહીને જ્ઞાની શું બતાવવા માગે છે!–એનું જ મારે ગ્રહણ કરવું છે....આમ રૂંવાટે રૂંવાટે સ્વભાવ પ્રત્યેનો ઉત્સાહ જાગે ને વીર્યનો વેગ સ્વભાવ તરફ વળી જાય. એવો પુરુષાર્થ જાગે કે સ્વભાવ પ્રાપ્ત કર્યે જ છૂટકો....સ્વભાવ પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તેને ચેન ન પડે.

–આવી દશા થાય ત્યારે આત્માની ખરી ધગશ કહેવાય.



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—મોક્ષમાર્ગને સાધનારી મુનિદશા કોને હોય છે?

ઉત્તર :—ઉપર મુજબ વસ્તુસ્વરૂપનો નિશ્ચય કરીને તેમાં જે એકાગ્ર થાય છે તેને જ શ્રામણ્ય એટલે કે મુનિપણું હોય છે.

પ્રશ્ન :—શ્રામણ્યનું (–મુનિપણાનું) બીજું નામ શું છે?

ઉત્તર :—શ્રામણ્યનું બીજું નામ મોક્ષમાર્ગ છે. જ્યાં મોક્ષમાર્ગ છે ત્યાં જ શ્રામણ્ય છે; જેને મોક્ષમાર્ગ નથી તેને શ્રામણ્ય પણ નથી.

પ્રશ્ન :—મુનિરાજ તો પંચમહાવ્રત પાળે છે, તેને આસ્રવભાવ કેમ કહ્યો છે? તે તો ચારિત્ર છે?

ઉત્તર :—ધવલા ભાગ–૧ અને ૧૨માં આવે છે કે મુનિઓ પંચમહાવ્રતને "ભુક્તિ" એટલે ભોગવે છે તેમ કહ્યું છે, પંચમહાવ્રતને કરે છે કે પાળે છે તેમ નહિ, પણ ભોગવે છે. જેમ જગતના જીવો અશુભરાગને ભોગવે છે તેમ મુનિઓ શુભરાગને ભોગવે છે. સમયસાર આદિ અધ્યાત્મશાસ્ત્રમાં તો તેમ આવે પણ વ્યવહારના ગ્રંથ ધવલામાં પણ મુનિઓ પંચમહાવ્રતના શુભરાગને ભોગવે છે તેમ કહ્યું છે. શુભરાગને કરે કે પાળે તેમ નહિ.

કામળા-ગાલીચા આદિમાં છાપેલો સિંહ કોઈને મારી શકતો નથી, કહેવા માત્ર સિંહ છે, તેમ અંતર્જલ્પ-બાહ્યજલ્પ-બાહ્ય ક્રિયારૂપ ચારિત્ર છે તે કહેવામાત્ર ચારિત્ર છે, સાચું ચારિત્ર નથી, કારણ કે તે આત્મ-દ્રવ્યના સ્વભાવરૂપ નથી; પુદ્‌ગલ-દ્રવ્યના સ્વભાવરૂપ હોવાથી કર્મના ઉદયનું કાર્ય છે. ભલે અશુભથી બચવા શુભ હોય છે પરંતુ તે બંધનું જ કારણ છે, મોક્ષનું કારણ નથી.

પ્રશ્ન :—અભેદસ્વરૂપ આત્માની અનુભૂતિ થઈ ગયા પછી વ્રતાદિ કરવાથી શું લાભ છે?

**જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**
**સંયત નથી ત્યમ પર તણો, સંયત ખરે સંયત તથા; ૩૫૮. –શ્રી સમયસાર**

ઉત્તર :—શુદ્ધાત્માનો અનુભવ થયા પછી પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને તે તે પ્રકારનો શુભરાગ આવ્યા વિના રહેતો નથી. તે શુભરાગ બંધનું કારણ ને હેય છે તેમ જ્ઞાની જાણે છે. શુદ્ધતાની વૃદ્ધિ અનુસાર કષાય ઘટતો જતો હોવાથી વ્રતાદિનો શુભરાગ આવ્યા વિના રહે જ નહિ—એવો જ સ્વભાવ છે.

પ્રશ્ન :—વ્રત-તપ એ બધા વિકલ્પ જ છે તો પછી કરવા કે નહિ?

ઉત્તર :—કરવા—ન કરવાની વાત નથી. સમ્યગ્દર્શન પછી પાંચમે ગુણસ્થાને તેવા વિકલ્પો આવે છે, તે શુભરાગ છે, ધર્મ નથી તેમ જાણે છે. મિથ્યાદષ્ટિને તેવા વિકલ્પો આવે છે, તેને શુભરાગથી પુણ્ય બંધાય છે પણ તે રાગથી લાભ માને છે, રાગને પોતાનું સ્વરૂપ માને છે તેથી મિથ્યાત્વ પણ સાથે બંધાય છે. શુભ છોડીને અશુભમાં જવાની વાત નથી પણ શુભરાગને પોતાનું સ્વરૂપ નથી તેમ જાણી શુદ્ધતા પ્રગટ કરવાની વાત છે.

પ્રશ્ન :—સાચો સમતાભાવ કોને હોય છે?

ઉત્તર :—સ્વ-પર તત્ત્વ ભિન્ન-ભિન્ન છે. એવું સ્વતંત્ર વસ્તુસ્વરૂપ સમજે નહિ અને વસ્તુને પરાધીન માને તેને સાચો સમતાભાવ નથી થઈ શકતો. વસ્તુસ્વરૂપને પરાધીન માનવાની માન્યતામાં જ અનંત વિષમભાવ પડ્યો છે. જાણે બહારથી ક્રોધ ના દેખાતો હોય અને મંદ કષાય રાખતો હોય, તોપણ ત્યાં વસ્તુસ્વરૂપનું ભાન નથી ત્યાં સમતાનો અંશ પણ નથી હોતો. આત્માના જ્ઞાનસ્વભાવનો અનાદર જ મહાન વિષમભાવ છે. પ્રત્યેક તત્ત્વ સ્વતંત્ર છે, કોઈ કોઈને આધીન નથી. મારો સ્વભાવ તો માત્ર બધું જ જાણવાનો છે. આ પ્રકારે વસ્તુ-સ્વતંત્રને જાણીને પોતાના જ્ઞાન સ્વભાવનો આદર કરવો એ જ સાચો સમભાવ છે.

પ્રશ્ન :—આ ધર્મમાં કાંઈ ત્યાગ કરવાની કે ગ્રહણ કરવાની વાત તો ન આવી?

ઉત્તર :—આમાં જ યથાર્થ ગ્રહણ-ત્યાગની વાત આવી જાય છે. ગ્રહણ કે ત્યાગ કોઈ બહારની વસ્તુનો થઈ શકતો નથી પણ અંતરમાં જ થાય છે. લીલોતરી વગેરે છોડવાની વાત ન આવી કેમ કે એ વસ્તુઓ તો આત્માથી છૂટી છે જ. હું બીજી વસ્તુઓનું ગ્રહણ કરી શકું કે તેમને છોડી શકું એવી માન્યતા તો અધર્મ છે. ભલે લીલોતરી ન ખાતો હોય તોય તેવી માન્યતાવાળો જીવ અધર્મી જ છે. વળી કોઈ

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૩ ઉપર)

**જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**
**દર્શન નથી ત્યમ પર તણું, દર્શન ખરે દર્શન તથા. ૩૫૯. –શ્રી સમયસાર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—પ્રવચનસારમાં જ્યાં પાછળ નયોનું વર્ણન કર્યું છે ત્યાં આવે છે કે ''સ્વભાવ સંસ્કારને નિરર્થક કરનારું છે'' તો ત્યાં શું કહેવું છે?

સમાધાન :—તે અપેક્ષા પાછી જુદી છે. દ્રવ્ય અપેક્ષાએ સ્વભાવ સંસ્કારને નિરર્થક કરનારો છે ને પર્યાય અપેક્ષાએ સંસ્કાર સાર્થક છે. સંસ્કાર કાંઈ જ નથી તેમ નથી.

નિગોદમાંથી નિકળીને તરત મમોલા થાય છે અને મનુષ્ય થઈને તરત કેવળજ્ઞાન પામે છે. એમાં સંસ્કાર ક્યાં હતા? તારો જ્ઞાયક સ્વભાવ જ તારા સંસ્કારનું કારણ છે. તારો સ્વભાવ જ જ્ઞાયકરૂપે રહેવાનો છે, તું જ્ઞાનસ્વભાવી છો. તે તારો જ્ઞાનસ્વભાવ જ તારી પરિણતિને જ્ઞાયક તરફ લઈ જશે. તારો સ્વભાવ જ સંસ્કારરૂપ છે. તું ચેતનાથી ભરેલો છો, જડ તારો સ્વભાવ નથી. ચૈતન્ય પરિણતિને ચેતનદ્રવ્ય છે તેની તરફ ખેંચજે, તે તારો સ્વભાવ જ છે. દ્રવ્ય જ પર્યાયને પ્રગટ થવાનું કારણ છે. દ્રવ્ય ઉપર યથાર્થ દૃષ્ટિ ગઈ તો તે પર્યાય યથાર્થ સમ્યક્‌રૂપે પરિણમી જશે. તારો સ્વભાવ જ સમ્યક્‌રૂપ છે. યથાર્થ જ્ઞાનનું કારણ સ્વભાવ જ છે. સીધી રીતે દ્રવ્ય જ તેનું કારણ થાય છે. સંસ્કાર એક પરિણતિ છે, પરિણતિ કારણ થાય તે વ્યવહાર છે, યથાર્થ તો દ્રવ્ય જ જ્ઞાનનું કારણ છે. નિશ્ચયથી તારો મૂળ સ્વભાવ જ્ઞાયક જ છે. તે સ્વભાવ જ તેનું કારણ થાય છે. નિગોદમાંથી નિકળીને ઠેઠ કેવળજ્ઞાન પામે છે તે સ્વભાવના આશ્રયથી જ પામે છે. સ્વભાવથી હું ચૈતન્ય છું, આ વિભાવ હું નથી તેમ સ્વભાવ ઉપર દૃષ્ટિ ગઈ ત્યાં પરિણતિ પલટાઈ જાય છે. ત્યાં તેને સંસ્કાર પહેલેથી દૃઢ કરવા પડ્યા નહિ કે હું જ્ઞાયક છું, તેવો અભ્યાસ કરવો પડ્યો નહિ. બધો અભ્યાસ એકસાથે જ થઈ ગયો. હું જ્ઞાયક જ છું એવી દૃઢતા એકદમ જલદી આવી ગઈ અને અંતર્મુહૂર્તમાં બધું થઈ ગયું. મંદ પુરુષાર્થને લઈને વાર લાગી જાય એટલે વારંવાર અભ્યાસ કરવો પડે કે હું જ્ઞાયક છું, જ્ઞાયક છું. પરિણતિ સહજરૂપે દૃઢ થાય નહિ અને ઝાઝો કાળ અભ્યાસ વારંવાર કરવો પડે તેને સંસ્કાર કહેવાય. નિગોદના જીવે તરત જ એકદમ પુરુષાર્થ કર્યો તો એકદમ થયું, તેને વચ્ચે સંસ્કાર લાવવાની જરૂર ન પડી. અભ્યાસ કરવાનું રહ્યું નહિ. જેનો પુરુષાર્થ તીવ્ર ઊપડ્યો તેને વચ્ચે સંસ્કારની જરૂર હોતી નથી. પરિણતિમાં સંસ્કાર કરવાનો વચ્ચે કાળ જ રહેતો નથી. દ્રવ્ય જ તેનું કારણ થાય છે.

મૂળ જ્ઞાયક સ્વભાવ તે જ કારણરૂપ થાય છે.

પ્રશ્ન :—સમ્યગ્દર્શન જલદી થાય એવો કોઈ રસ્તો બતાવોને? જેથી અમારું કામ થઈ જાય.

સમાધાન :—પોતે જલદી પુરુષાર્થ કરે તો જલદી કામ થઈ જાય, ધીરે ધીરે અભ્યાસ કરે તો વાર લાગે. હું જ્ઞાયક છું, જ્ઞાયક છું એમ ધીરે ધીરે અભ્યાસ કરવા કરતાં 'હું જ્ઞાયક જ છું' એમ એકદમ દૃઢતાથી—જોરથી પોતે વિભાવથી છૂટો પડી જાય તો જલદી કામ થાય. જલદી કરે તો વચ્ચે સંસ્કાર આવતા નથી, પુરુષાર્થ ધીરે ધીરે કરે તો વચ્ચે સંસ્કાર આવે છે. મંદ અભ્યાસ કરે તો વચ્ચે સંસ્કાર આવે છે અને જો દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ તો કાર્ય જલદી થઈ જાય છે. પ્રવચનસારમાં આવે છે ને? કે અમે કમર કસીને તૈયાર થયા છીએ, તેમ પોતે તૈયાર થઈ અંતરમાં જાય તો એકદમ થઈ જાય છે.

પ્રશ્ન :—પૂર્ણતા પ્રગટ કર, તે ન થાય તો શ્રદ્ધા કર, અને શ્રદ્ધા ન કરી શકે તો ઊંડા સંસ્કાર પાડીને જા એ વાત બરાબર છે?

સમાધાન :—ઉપદેશની એવી શૈલી હોય કે કોઈ સાંભળવા આવે તો પહેલાં મુનિપણાનો ઉપદેશ આપે. મુનિ ન થઈ શકે તો પછી શ્રાવકનો ઉપદેશ આપે. અર્થાત્ જો શક્તિ ન હોય તો સમ્યગ્દર્શનપૂર્વક શ્રાવકનો ઉપદેશ આપે. આ પંચમકાળ છે. સમ્યગ્દર્શન સુધી પરિણતિ પ્રગટ કરવાનો પુરુષાર્થ ન હોય તો તેને રુચિના સંસ્કાર પાડ તેમ કહેવાય છે. જે શુભભાવમાં, ક્રિયામાં, બાહ્ય તપમાં ધર્મ માને તેની શ્રદ્ધા ખોટી છે એટલું જ નહિ તેનું બધું જ ખોટું છે. તેણે ધર્મ બીજી રીતે માની લીધો છે. તેમ જ કોઈક કરી દેશે એવી ભ્રમણા હોય છે. પૂજ્ય ગુરુદેવના પ્રતાપે અને તેમના ઉપદેશથી આ બધી ભ્રમણા દૂર થઈ છે. પૂજ્ય ગુરુદેવે કહ્યું કે દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. તું પુરુષાર્થ કર તો થશે. શુભભાવ આવે, દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ આવે, પણ કરવાનું અંતરમાં તારે છે.

---

(અનુસંધાન પેજ નં. ૨૧ થી ચાલુ)

ભગવાનના નામનો જાપ કરવાની વાત ન આવી, કેમ કે જાપના શબ્દો તો જડ છે, અને તે તરફનો શુભરાગ તે વિકાર છે—મંદકષાય છે, તે ધર્મ નથી. માટે હું પરવસ્તુઓને ગ્રહી કે છોડી શકું એવી ઊંધી માન્યતાનો ત્યાગ કરવાનું આવ્યું, રાગથી મને ધર્મ થાય એવી ઊંધી માન્યતાનો ત્યાગ કરવાનું આવ્યું અને જડથી તથા વિકારથી જુદો અંતરમાં પોતાનો સ્વભાવ પૂરો જ્ઞાયકમૂર્તિ છે તેની સાચી શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતાને ગ્રહણ કરવાનું આવ્યું. શ્રદ્ધામાં પૂર્ણ સ્વભાવનું ગ્રહણ ને અધૂરાશનો ત્યાગ તે ધર્મ છે.

## બાળ વિભાગ

# અહિંસા ધર્મની વાર્તા

**(રાજા શ્રેણિક, રાણી ચેલણા તથા અભયકુમારના પૂર્વભવ)**

એકવાર રાજા શ્રેણિકની રાજધાની રાજગૃહી નગરીમાં તીર્થંકર પરમાત્મા મહાવીર પ્રભુ પધાર્યા. તેમના સમોસરણમાં જઈ રાજા શ્રેણિકે ભગવાનનો ઉપદેશ સાંભળ્યો તથા ગૌતમસ્વામીને પૂછ્યું–

"હે દેવ ! મને મારા પૂર્વભવ વિષે કહો."

ગૌતમસ્વામીએ પોતાના દિવ્યજ્ઞાન દ્વારા જાણીને કહ્યું–



"હે શ્રેણિક ! સાંભળ ! આજથી બે ભવ પહેલા તમે ભીલ રાજા હતા, એક દિવસે તમે માંસ-ત્યાગની પ્રતિજ્ઞા લીધી જેના ફળ સ્વરૂપે તમે સ્વર્ગમાં દેવ થયા, ત્યાંથી અહીં રાજા શ્રેણિક થયા છો.

પૂર્વભવમાં તું વિંધ્યાચલમાં "વાદિરસાર" નામનો ભીલ હતો અને શિકાર કરીને માંસ ખાતો હતો. કોઈ મહાભાગ્યે તને જૈન મુનિરાજના દર્શન થયા."



મુનિરાજે કહ્યું–"માંસાહાર મહા પાપ છે, તેને તું છોડી દે."

ત્યારે તે સદ્‌ભાવથી કહ્યું –"પ્રભો ! માંસ તો અમારો ધંધો છે, તેને હું હંમેશને માટે છોડી ન શકું. પરંતુ હે સ્વામી ! તમારા બહુમાન માટે હું કાગડાના માંસનો ત્યાગ કરું છું. ભલે મરણ પણ આવી જાય તો પણ હું કાગડાનું માંસ કોઈ દિવસ ખાઈશ નહીં." શ્રી મુનિરાજે તેને ભવ્ય જાણીને આ પ્રતિજ્ઞા તેને આપી દીધી.

હે શ્રેણિક ! થોડા સમય પછી એવી ઘટના બની કે વાદિરસાર ભીલને કોઈ મહાભયંકર વિચિત્ર રોગ થયો, ઔષધિ દ્વારા અનેક ઉપાય કરવા છતાં પણ તે રોગ દૂર ન થયો.

"ઔષધિના રૂપમાં જો કાગડાનું માંસ ખાઈશ તો તારો રોગ મટી જશે"–એવું એક મૂર્ખ વૈદ્યે કહ્યું, પરંતુ વાદિરસાર ભીલ પોતાની પ્રતિજ્ઞામાં અડગ હતો.

તેણે કહ્યું–"મરણ થાય તો ભલે થાય, પરંતુ હું કાગડાનું માસ કદાપિ નહીં ખાઉં.

વાદિરસારના એક મિત્ર (અભયકુમારનો જીવે) આ વાત સાંભળી અને તેને સમજાવવા માટે વાદિરસાર પાસે આવતો હતો. તે સમયે રસ્તામાં એક યક્ષદેવી ઉદાસચિત્તે બેઠેલી જોઈ. ત્યારે તે મિત્રે તેને ઉદાસીનું કારણ પૂછ્યું ?

યક્ષદેવી (રાની ચેલનાનો જીવ)એ કહ્યું –"હે ભાઈ ! તમે તમારા મિત્ર વાદિરસાર પાસે જાઓ છો, પણ તેને કાગડાના માંસનો ત્યાગ છે, પરંતુ જો તમે તેને દવાના રૂપમાં કાગડાના માંસ ખાવાનું કહેશો અને સંયોગવશ તે ભ્રષ્ટ થઈને મરણથી બચવા માટે કાગડાના માંસ ખાશે તો મરીને નરકમાં જશે, તેથી તેની આવી દશા જોઈને હું દુઃખી છું."

તે સમયે તેને આશ્વાસન આપીને તે કુશળ મિત્ર વાદિરસાર ભીલ પાસે આવ્યો અને તેની પરીક્ષા લેવાનું વિચાર્યું અને કહ્યું —

"કાગડાનું માંસ ખાઈશ તો તારો રોગ મટી જશે. બીજી કોઈ દવા નથી." જ્યારે તે ન માન્યો, ત્યારે તેણે પણ દૃઢતાપૂર્વક કહ્યું–"ભાઈ ! હઠ છોડી દો, નકામું મોત આવી જશે. એકવાર ઔષધિના રૂપમાં કાગડાનું માંસ ખાઈ લ્યો. સારા થઈ જાવ તો ફરીથી વ્રત લઈ લેજો."

ત્યારે ભીલે મિત્રને સમજાવતા કહ્યું–"મેં મારા જીવનમાં કોઈ સત્કાર્ય કર્યું નથી. જેમ-તેમ કરીને એક નાનું વ્રત લીધું છે અને હું એવો મૂર્ખ નથી કે તેને છોડી દઉં." જેને ધર્મથી થોડો પણ પ્રેમ હોય, તે મરણ અવસ્થામાં પણ વ્રતને છોડશે નહીં.

આ પ્રમાણે તે પોતાની પ્રતિજ્ઞામાં દૃઢ રહ્યો. તેની દૃઢતા જોઈને તેનો મિત્ર પ્રસન્ન થયો અને રસ્તામાં યક્ષદેવી સાથે થયેલી બધી વાતો તેણે વાદિરસારને બતાવી કે તારી આ પ્રતિજ્ઞાને કારણે તમે દેવ થશો.

તે સમયે માત્ર કાગડાનું માંસ છોડવાનું આવું મહાન ફળ જાણીને, હે શ્રેણિક ! તે ભીલ રાજાને જૈનધર્મ ઉપર શ્રદ્ધા વધી ગઈ અને અહિંસા ધર્મનો ઉત્સાહ વધ્યો. તેણે જૈનધર્મના સ્વીકારપૂર્વક માંસાદિનો સર્વથા ત્યાગ કરીને અહિંસાદિ પાંચ અણુવ્રત ધારણ કર્યા અને પંચપરમેષ્ઠીની ભક્તિપૂર્વક શાંતિથી પ્રાણત્યાગ કરી, વ્રતના પ્રભાવથી તેનો આત્મા સૌધર્મ સ્વર્ગમાં દેવ થયો."

ગૌતમ સ્વામી આગળ કહે છે–"હે શ્રેણિક ! આ ભીલ તમે પોતે જ છો–તે દેવપર્યાયથી ચ્યવીને તમે રાજગૃહીના શ્રેણિક રાજા થયા છો અને એક ભવ પછી તમે તીર્થંકર થશો."

ભીલના વ્રતોનું આવું મહાન ફળ જોઈને તેના મિત્રે પણ અણુવ્રત ધારણ કર્યા,

તે મિત્ર પણ ત્યાંથી મરીને બ્રાહ્મણનો અવતાર લઈને અર્હત્‌દાસ શેઠ થઈને જૈનધર્મના સંસ્કાર પ્રાપ્ત કરીને સ્વર્ગમાં ગયો અને ત્યાંથી ચ્યવીને તમારો પુત્ર અભયકુમાર થયો છે. તે તો આ જ ભવમાં જૈન મુનિ થઈને મોક્ષ પ્રાપ્ત કરશે.

શ્રેણિકે પૂછ્યું—હે સ્વામી ! પછી તે યક્ષદેવીનું શું થયું ?

ગૌતમસ્વામીએ કહ્યું—"હે રાજન્ ! તે યક્ષદેવી તેના પછી કેટલાક ભવ ધારણ કરી અનુક્રમથી વૈશાલીના ચેટક રાજાની પુત્રી ચેલણા થઈ છે, તે હાલમાં તમારી પટરાણી છે."

પોતાના પૂર્વભવની વાત સાંભળીને રાજા શ્રેણિકને યથાર્થ બોધ થયો, તીર્થંકર ભગવાનની પાસે વિશેષ આત્મશુદ્ધિપૂર્વક ક્ષાયિક સમ્યક્ત્વ પ્રગટ કર્યું. એટલું જ નહીં ધર્મની ઉત્તમ ભાવના વડે તેમણે તીર્થંકર નામકર્મ પણ બાંધ્યું અને ભગવાન મહાવીરના ૮૪૦૦૦ વર્ષ પછી તે આ ભરત-ક્ષેત્રમાં 'મહાપદ્મ' નામના પ્રથમ તીર્થંકર થશે.

હે ભવ્યજીવો ! જે વીતરાગતા અને અહિંસાનો ઉપદેશ જૈનધર્મ આપે છે, તેનું થોડું પણ પાલન કરવાથી આવું મહાન ફળ પ્રાપ્ત થાય છે, તો સંપૂર્ણ વીતરાગભાવરૂપ અહિંસાનું ફળ કેટલું મહાન હશે તે સમજવું જોઈએ. માટે હે બંધુઓ ! શૂરવીર થઈને વીર ભગવાનના અહિંસાધર્મનું પાલન કરવું, તેના પાલન માટે કાયર ન થવું. મદ્ય, માંસ અને ઈંડા ખાવામાં પણ પંચેન્દ્રિય જીવોનો ઘાત છે. આવા ખાવા-પીવાવાળા હોટલમાં જિજ્ઞાસુ જીવોએ કદાપિ જવું ન જોઈએ. જૈનધર્મ, વીતરાગતાના સંસ્કાર આત્મામાં વિકસિત કરવા જોઈએ, જેથી રાજા શ્રેણિકની જેમ આપણું પણ કલ્યાણ થાય.

અહાહા ! કેવો વિચિત્ર સંસારની વચ્ચે પણ રાજા શ્રેણિકની અલિપ્ત જ્ઞાનચેતના.

શ્રી ગૌતમસ્વામીના શ્રીમુખેથી પોતાના ભૂતકાળના ભવોનું વર્ણન સાંભળીને રાજા શ્રેણિક પોતાના ભવિષ્યના ભવ સંબંધી તેમને પૂછે છે. જેના ઉત્તરમાં ગૌતમસ્વામી કહે છે—

"હે શ્રેણિક ! પહેલાં અજ્ઞાનદશામાં મિથ્યાત્વાદિ પાપોના સેવનવડે અને જૈનમુનિ ઉપર કરેલા ઉપસર્ગથી જે પાપનો તે બંધ કર્યો છે તેના ફળસ્વરૂપે તું પ્રથમ નરકમાં જઈશ, પરંતુ ત્યાં પણ ક્ષાયિક સમ્યક્ત્વ હોવાથી તું તારા આત્માથી વિસ્મૃત થઈશ નહીં અને સોળકારણ ભાવના ભાવતા બીજા ભવમાં આ ભરતક્ષેત્રમાં મહાપદ્મ નામના ત્રિલોકપૂજ્ય પ્રથમ તીર્થંકર થઈને મોક્ષ પ્રાપ્ત કરીશ."

"અહાહા ! એક જ જીવ, એક જ ભવ પહેલા નરકનો બંધ બાંધે છે અને પછી તે જ ભવમાં તીર્થંકર નામકર્મ પ્રકૃતિનો બંધ કરે છે, જુઓ તો ખરા જીવના પરિણામની કેવી વિચિત્રતા !"





આ પ્રમાણે ક્ષાયિક સમ્યગ્દષ્ટિ રાજા શ્રેણિકે પોતાના સંબંધમાં એકસાથે બે વાત સાંભળી—૧. આગલા ભવમાં નરકમાં જવાનું અને ૨. તેના પછીના ભવમાં તીર્થંકર થવાનું. 'નરકમાં જવાનું અને તીર્થંકર થવાનું'—આ બંને વાત એક સાથે સાંભળીને તેમને કેવું લાગ્યું હશે? આનંદ થયો હશે? કે શોક થયો હશે? ક્યાં હજારો વર્ષ સુધી ઘોરાતિઘોર અત્યંત દુઃખની વેદના! અને ક્યાં ત્રિલોકપૂજ્ય તીર્થંકરની પદવી!

અહાહા! કેવો વિચિત્ર સંયોગ છે. એક બાજુ નરકની ગતિનું દુઃખ અને બીજી બાજુ તીર્થંકર પદવીનો આનંદ. પરંતુ હે ભવ્યજીવો! તમે શ્રેણિકમાં તેવો હર્ષ કે શોક નહીં જુઓ. આ બંનેથી જુદી એક ત્રીજી અત્યંત સુંદર વસ્તુ તે જ સમયે રાજા શ્રેણિકમાં વર્તી રહી છે તેને તમે જુઓ, ત્યારે તમે ધર્માત્મા શ્રેણિકને સમજી શકશો. નહીં તો તમે શ્રેણિક પ્રતિ અન્યાય કરશો.

શું છે આ ત્રીજી વસ્તુ! તે છે જ્ઞાનચેતના. હર્ષ-શોક બંનેથી સર્વથા અલિપ્ત, પરમ શાંત વર્તી રહી છે. તે જ્ઞાનચેતના ન તો નરકના દુઃખનું વેદન કરે છે ન તો તીર્થંકર નામકર્મની પ્રકૃતિને વેદે છે—બંને કર્મોથી ભિન્ન નિષ્કર્મ ભાવથી કર્મોથી છૂટીને પરમ શાંતિથી મોક્ષપંથને સાધી રહી છે. આ છે શ્રેણિકનું વાસ્તવિક સ્વરૂપ! તેને સમજવું જોઈએ. તમે પણ શ્રેણિકની જેમ નરકદશા કે તીર્થંકરદશા—બંનેને સાંભળીને તમે રાગ-દ્વેષથી ભિન્ન શાંત-જ્ઞાનચેતનારૂપ રહી શકશો અને મોક્ષપંથની સાધના કરી શકશો.

હર્ષ-ખેદથી પાર છે, સુંદર જ્ઞાન સ્વભાવ,
આ સ્વભાવને સાધીને, મોક્ષદશા પ્રગટાવ.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૭-૪૫ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (સોળમીવારનું) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ | : | બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

✱ **સમવસરણ મંદિર ૭૭મો વાર્ષિક પ્રતિષ્ઠા દિન :**—વૈશાખ વદ ૬, તા. ૬-૫-૨૦૧૮, રવિવારના રોજ સોનગઢના શ્રી સમવસરણ મંદિરનો ૭૭મો વાર્ષિક દિવસ પૂજા-ભક્તિ સહિત ઊજવવામાં આવશે.

✱ **સ્વાધ્યાયમંદિરના ઉદ્ઘાટનનો તેમજ તેમાં પરમાગમ શ્રી સમયસારની સ્થાપનાનો ૮૧મો વાર્ષિક દિવસ :**—તા. ૮-૫-૨૦૧૮, વૈશાખ વદ ૮, મંગળવારના દિવસે સોનગઢના સ્વાધ્યાયમંદિરના ઉદ્ઘાટનનો તેમજ તેમાં પરમાગમ શ્રી સમયસારની સ્થાપનાનો ૮૧મો વાર્ષિક દિવસ પૂજા-ભક્તિના વિશેષ આયોજન સહ ઊજવવામાં આવશે.

---

**શ્રીમતી પુષ્પાબેન વિનોદચંદ્ર રતિલાલ દોશી પરિવાર, અમદાવાદ દ્વારા**
**અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વિવિધ અત્યાનંદોલ્લાસથી ઊજવાયેલ**

# પરમ ઉપકારી કહાન ગુરુદેવનો
# મહામંગલકારી ૧૨૯મો જન્મ મહોત્સવ

### પંચાહ્નિક આયોજન તથા ઉત્સાહ

ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામીની દિવ્યધ્વનિથી પ્રસૂત તથા ભગવત્કુંદકુંદાચાર્યદેવ દ્વારા પ્રવાહિત સ્વાનુભવમુદ્રિત અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૨૯મો આનંદકારી વાર્ષિક મંગલ જન્મોત્સવ, તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સ્વાનુભૂતિતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢમાં) તા. ૧૩-૪-૨૦૧૮ થી તા. ૧૭-૪-૨૦૧૮ સુધી પંચાહ્નિક, ગુરુ-મહિમાદ્યોતક સમારોહપૂર્વક શ્રીમતી પુષ્પાબેન વિનોદચંદ્ર રતિલાલ દોશી પરિવાર, અમદાવાદ દ્વારા ઊજવવામાં આવ્યો હતો.

### પૂજન મંડપમાં શ્રી તીર્થમંડલ પૂજન વિધાનનું ભવ્ય આયોજન

પરમાગમમંદિરની ઈશાનદિશામાં પૂજન મંડપની રચના કરી તેમાં સુંદર તેમજ કલાત્મક તીર્થક્ષેત્રોની રચના કરવામાં આવી હતી. તેમાં ધાતકીવિદેહના ભાવી તીર્થંકરની અધ્યક્ષતામાં પૂજા ભવ્ય

રીતે કરવામાં આવી હતી. પૂજા વખતે તે તે ક્ષેત્રોના દૃશ્યો તથા પૂજ્ય ગુરુદેવશ્રીએ કરેલી યાત્રાના દૃશ્યો LED સ્ક્રીન ઉપર દર્શાવવામાં આવતા હતા. જે અત્યંત ભાવવાહી હતા.

## ઉત્સવનો દૈનિક કાર્યક્રમ

ભવ્ય સજાવટોથી વિભૂષિત મનોહર ડોમ મંડપમાં ક્રમશઃ સવારે પૂજ્ય ગુરુદેવશ્રીનું માંગલિક તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા રાખવામાં આવી હતી. પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર વિડિયો પ્રવચન, પ્રાસંગિક—ગુરુભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીનું છહઢાળા ઉપર પ્રવચન, જિનેન્દ્રભક્તિ તથા સાંજીભક્તિ, શિક્ષણવર્ગ, રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર સીડી પ્રવચન, તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમમાં 'સંસારદર્શન', 'હું સોનગઢ છું' (નૃત્યસભર લાઈટ એન્ડ સાઉન્ડ શો) સાંસ્કૃતિક કાર્યક્રમ તથા 'પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મજયંતીના સંભારણા' વગેરે ઘણા કાર્યક્રમો ઉત્સવ દરમ્યાન થયા હતા. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં આયોજક દોશી પરિવારે ઘણી મહેનત કરી અતિ સુંદર અને રોચક રીતે પ્રસ્તુત કર્યા હતા.

## ભવ્ય રથોત્સવ તથા કહાનકુંવર—પારણાઝૂલન

વાર્ષિક ગુરુ—જન્મોત્સવના હર્ષોપલક્ષમાં તા. ૧૭-૪-૨૦૧૮ના દિવસે સાંજે 'ધાતકી-વિદેહના ભાવિ-તીર્થંકરદેવ'ના રથોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. રથયાત્રામાં વિભિન્ન અનેક સજાવટ સાથે 'કહાનકુંવરના પારણાઝુલન'નો અતિ મનોહર ફ્લોટ બધાનું ગુરુભક્તિભીનું ચિત્ત પોતાની તરફ કેન્દ્રિત કરતો હતો.

ઉત્સવના ચાર દિવસ આયોજક પરિવાર દ્વારા સાંજી ભક્તિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ સાંજીભક્તિમાં પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન પ્રસંગો તથા વિવિધ ભક્તિ નૃત્યગીતો સહ ઉપરોક્ત સાંસ્કૃતિક કાર્યક્રમ અત્યંત ભાવવાહી રીતે રજૂ કરવામાં આવ્યા હતા.

## ગુરુ-જન્મોત્સવ : વૈશાખી બીજનો કાર્યક્રમ

ગુરુ-જન્મ જયંતીના વાર્ષિક મંગલ દિવસે સવારે દેવશાસ્ત્રગુરુ દર્શન પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા. ત્યારબાદ શ્રી તીર્થમંડળ વિધાન પૂજા સમાપન, સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન તેમજ પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ વધાઈનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીનું સ્ટેજ પર સુંદર કમલાકાર વચ્ચે બિરાજમાન કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે આયોજક પરિવાર દ્વારા નાનો ભક્તિસભર વધામણાનો કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. પૂજ્ય બહેનશ્રીની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના વધામણાંનું દૃશ્ય દર્શાવવામાં આવ્યું હતું. ત્યારબાદ ગુરુદેવશ્રીને પ્રથમ વધાવવાનો લાભ આયોજક શ્રીમતી પુષ્પાબેન વિનોદચંદ્ર રતિલાલ દોશી પરિવારના સભ્યોને મળ્યો હતો ત્યારબાદ અન્ય મુમુક્ષુઓએ ભક્તિ ઉલ્લાસ સહિત પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ વધામણા કર્યા. આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને કાર્યક્રમ અત્યંત રસપ્રદ બનાવ્યો હતા.

ઉત્સવના મુખ્ય દિવસે આપણા માનનીય પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરા દ્વારા નિર્માણાધીન જંબૂદ્વીપ-બાહુબલી વિશે સંક્ષિપ્તમાં માહિતી આપેલ ત્યારબાદ ટ્રસ્ટી શ્રી રાજેશભાઈ ઝવેરી તથા ટ્રસ્ટી શ્રી નવીનભાઈ દ્વારા જંબૂદ્વીપ તથા બાહુબલી નિર્માણની અત્યાર સુધીની વિગતો સંક્ષિપ્તમાં બતાવી હતી. જેનાથી મુમુક્ષુઓ આ પ્રોજેક્ટ વિષે માહિતગાર થયા હતા.

## ઉત્સવના વિશેષ કાર્યક્રમ

(૧) આયોજક પરિવાર દ્વારા ‘કહાન એક્સપ્રેસ’ નામની AC ટ્રેનનો કોચ તૈયાર કરવામાં આવ્યો હતો જેમાં પૂજ્ય ગુરુદેવશ્રીની ડોક્યુમેન્ટ્રી ફિલ્મ દર્શાવવામાં આવી હતી.

(૨) આયોજક પરિવાર દ્વારા ફોટો બુથનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં મુમુક્ષુઓના ફ્રી ફોટોગ્રાફ પાડી આપવામાં આવ્યા હતા.

(૩) તા. ૧૪-૪-૨૦૧૮, શનિવારના ‘સમાધિતંત્ર અધ્યયન વર્ષ’નું ઉદ્‌ઘાટન ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરા, સર્વે ટ્રસ્ટીગણ તથા બ્ર. પં. શ્રી વજુભાઈ સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું. જેના સૌજન્યનો લાભ માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ પરિવારને મળ્યો હતો.

(૪) જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ-૬ (ગુજરાતી તથા હિન્દી આવૃત્તિ)નું વિમોચન તેના સ્થાયી પુરસ્કર્તા તથા કિંમત ઘટાડવાનો લાભ લેનાર પરિવાર દ્વારા પ્રમુખશ્રીની ઉપસ્થિતિમાં થયું હતું.

(૫) તા. ૧૬-૪-૨૦૧૮ના દિવસે શ્રી કુંદકુંદકહાન પારમાર્થિક ટ્રસ્ટ હસ્તે સમાજરત્ન શ્રી નેમિષભાઈ તથા કેતનભાઈ દ્વારા નિર્માણ થયેલ ‘કહાન કલા સંગ્રહાલય’નું ઉદ્‌ઘાટન ટ્રસ્ટના પ્રમુખશ્રી હસમુખભાઈ વોરા તથા ટ્રસ્ટીગણ હસ્તક કરવામાં આવ્યું હતું.

કહાનગુરુ જન્મોત્સવના આ ઉત્સવને ભવ્યાતિભવ્ય અને અવિસ્મરણીય રીતે ઉજવવા માટે આયોજક પરિવાર વતી શ્રી મિનેશભાઈ દોશી તથા ડૉ. પારસભાઈ દોશી અને તેમના પરિવારજનોએ ઘણી જ જહેમત ઉઠાવી હતી. સમાગત મહેમાનોને આવાસ તથા ભોજનની વ્યવસ્થામાં ઘણો જ સંતોષનો અનુભવ થયો હતો. આ મહોત્સવનો સંપૂર્ણ ખર્ચ આયોજક પરિવાર દ્વારા આપવામાં આવ્યો હતો.

* * *

મોક્ષમાર્ગમાં વ્યવહારનું અસ્તિત્વ છે પણ તેનો આશ્રય નથી. સાધકની પર્યાયમાં રાગ હોય છે પણ સાધકપણું તેના આશ્રયે નથી. ધર્મીને ભૂમિકાનુસાર રાગ હોય છે પણ રાગ પોતે ધર્મ નથી. ધર્મીને શુભ રાગરૂપ વ્યવહાર હોય છે પણ તેના આશ્રયે તેઓ લાભ માનતા નથી. જેને સાચો વ્યવહાર છે તેને વ્યવહારની રુચિ હોતી નથી અને જેને વ્યવહારની રુચિ છે તેને સાચો વ્યવહાર હોતો નથી. જેને દુઃખનું યથાર્થ જ્ઞાન હોય તેને એકલું દુઃખ હોતું નથી અને જેને એકલું દુઃખ છે તેને તેનું યથાર્થ જ્ઞાન હોતું નથી. સાચા પુરુષાર્થીને અનંત ભવની શંકા હોતી નથી અને અનંત ભવની શંકાવાળાને સાચો પુરુષાર્થ હોતો નથી. સર્વજ્ઞને જે ઓળખે છે તેને અનંત ભવ હોતા નથી તથા સર્વજ્ઞે તેના અનંત ભવ દેખ્યા નથી. *ગુરુદેવશ્રીનાં વચનામૃત બોલ નં. ૧૬૪*

## (૫૭)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા ભરો)

(૧) તીર્થંકર ભગવાનના ૪૬ ગુણોમાંથી મહિમાવંત ............. છે.
(૩૪ અતિશય, અનંતચતુષ્ટય, ૮ પ્રાતિહાર્ય)

(૨) છ એ દ્રવ્યોની ગુણ-પર્યાયોની મર્યાદાની સ્વતંત્રતા ........... ગુણના કારણે જાણી શકાય છે. (દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ)

(૩) પ્રશ્નનાં નિમિત્તથી એક જ વસ્તુમાં પ્રત્યક્ષ વગેરે પ્રમાણોથી અવિરુદ્ધ વિધિ અને પ્રતિષેધની કલ્પના એ ............ છે. (૪૭ નય, સાત તત્ત્વ, સપ્તભંગી)

(૪) બધા જ ઔદયિક ભાવ ............. સ્વરૂપ હોય છે.
(સ્વભાવ, વિભાવ, સ્વભાવ-વિભાવ)

(૫) સમ્યક્ એકાંતને ................ કહેવાય છે. (નિક્ષેપ, નય, પ્રમાણ)

(૬) ધર્મની શરૂઆત .............. ભાવથી થાય છે (ઔપશમિક, ક્ષાયિક, પારિણામિક)

(૭) .............. શાસ્ત્રનાં પ્રથમ શ્લોકમાં જ અમૃતચંદ્ર આચાર્યદેવે “સર્વને દેખનાર–જાણનાર, ચૈતન્યસ્વરૂપ, સ્વાનુભવ પ્રસિદ્ધ અને જ્ઞાન આનંદસ્વરૂપ ઉત્કૃષ્ટ આત્માને નમસ્કાર કરેલ છે.” (પંચાસ્તિકાય, સમયસાર, પ્રવચનસાર)

(૮) સુવર્ણપુરી માનસ્તંભની મહિમા કરતા પૂજ્ય ગુરુદેવશ્રી કહેતા કે ૬૩ શલાકા પુરુષ મોક્ષગામી જીવ હોય છે, આ ........... ફૂટ ઉન્નત માનસ્તંભના જે ભાવથી દર્શન કરે છે તે જીવ પણ મોક્ષગામી છે. (૫૭, ૬૩, ૫૧)

(૯) જે કર્મના ઉદયના નિમિત્તથી નાભિની નીચેના અંગ મોટા હોય અને ઉપરના અંગ નાના હોય તેને ................ સંસ્થાન કહે છે. (હુંડક, સ્વાતિ, સમચતુરસ્ર)

(૧૦) બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય અને પાંચ ઈન્દ્રિય તિર્યંચ માત્ર ............ લોકમાં હોય છે. (મધ્ય–અધો, મધ્ય–ઉર્ધ્વ, મધ્ય)

(૧૧) મોહનીય કર્મની ............. પ્રકૃતિ સમ્યગ્દર્શનની ઘાતક છે. (એક, સાત, ચાર)

(૧૨) પૂજ્ય ગુરુદેવશ્રી પ્રવચનમાં દ્રવ્યદૃષ્ટિ ઉપર જ ભાર મૂકતા કારણ કે દ્રવ્યદૃષ્ટિથી જ ............. ની પ્રાપ્તિ થાય છે. (વ્યવહાર ચારિત્ર, સ્વર્ગ, સમ્યગ્દર્શન)

(૧૩) “ઉંડાણમાંથી લગની લગાડીને પુરુષાર્થ કરે તો વસ્તુ મળ્યા વિના રહે નહિ, લગની લાગે તો જ્ઞાન અને આનંદ પ્રગટે જ.” આ વાત પૂજ્ય બહેનશ્રીનાં ............. પુસ્તકમાં આવે છે. (વચનામૃત, સાધના-વાણી, આરાધનાની દેવી)

(૧૪) વર્તમાનકાળનાં કેવળજ્ઞાનીઓમાં અંતિમ .............. કેવળી કુંડલગિરિથી સિદ્ધ થયા છે. (શ્રીધર, જંબૂસ્વામી, નંદિમિત્ર)

(૧૫) સિદ્ધાંત અનુસાર પ્રસિદ્ધ અર્થ તે ............. છે. (શબ્દાર્થ, ભાવાર્થ, આગમાર્થ)

(૧૬) પરિણામ પોત પોતાના .............. ને આશ્રિત હોય છે. (ગુણ, દ્રવ્ય, પર્યાય)

(૧૭) ............ પુદ્‌ગલો કર્મ વર્ગણાની યોગ્યતા રહિત હોય છે. (સૂક્ષ્મ-સ્થૂળ, સ્થૂળ-સ્થૂળતમ, સૂક્ષ્મતમ-સ્થૂળતમ)

(૧૮) ક્ષયોપશમિક ભાવ .............. માં ગુણસ્થાન સુધી હોય છે. (૭, ૧૨, ૧૩)

(૧૯) આત્મગુણોની કિંચિત્ પણ અભિવ્યક્તિ ન થવામાં નિમિત્ત થવાવાળા સર્વઘાતિ સ્પર્ધકોના ઉદયના અભાવને ............ કહે છે. (ઉદીરણા, ઉદયાભાવીક્ષય, ક્ષયોપશમ)

(૨૦) જે આત્માના સમ્યક્ત્વ, દેશચારિત્ર, સકલચારિત્ર અને યથાખ્યાત ચારિત્રરૂપ પરિણામોનો ઘાત કરે તેને ............ કહે છે. (કષાય, મિથ્યાત્વ, યોગ)

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્ન એપ્રિલ–૨૦૧૮ના ઉત્તર

૧) ગિરનાર, કૈલાસપર્વત, ચંપાપુરી, સમ્મેદશખર
૨) રત્નગિરિ, ઉદયગિરિ, શ્રમણગિરિ, વૈભારગિરિ
૩) શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યય-જ્ઞાન, કેવળજ્ઞાન
૪) ૨૭૩, ૨૭૪, ૨૭૫, ૨૭૬
૫) ૭૯, ૮૦, ૮૧, ૮૨
૬) ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક, પારિણામિક
૭) સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ
૮) પશ્ચિમધાતકીમાં, પૂર્વ-પુષ્કરદ્વીપમાં, પશ્ચિમપુષ્કરમાં, જંબૂદ્વીપમાં
૯) અજિતનાથ, અભિનંદન, સુમતિનાથ, અનંતનાથ
૧૦) રસના, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર
૧૧) અતીવીર, મહાવીર, સન્મતિનાથ, વર્ધમાન
૧૨) પદ્મનંદી, ગૃદ્ધપિચ્છ, વક્રગ્રીવાચાર્ય, એલાચાર્ય
૧૩) અચલમેરુ, વિજયમેરુ, મંદારમેરુ, વિદ્યુન્માલી
૧૪) નંદિમિત્ર, અપરાજિત, ગોવર્ધન, ભદ્રબાહુ
૧૫) વૈજયન્ત, જયંત, અપરાજિત, સર્વાર્થસિદ્ધિ
૧૬) નયાર્થ, મતાર્થ, આગમાર્થ, ભાવાર્થ
૧૭) જન્મકલ્યાણક, દીક્ષાકલ્યાણક, જ્ઞાનકલ્યાણક, મોક્ષકલ્યાણક
૧૮) મલ્લિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ, મહાવીર
૧૯) વિશુદ્ધિ, દેશના, પ્રાયોગ્ય, કરણલબ્ધિ
૨૦) ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ પરાવર્તન

## (૫૭)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચેના પ્રશ્નોનાં ઉત્તરો છઢાળાની ચોથી ઢાળમાંથી મળશે.)

(૧) સમ્યક્જ્ઞાન ............... માંથી આવે છે કેમકે તે ........... નો સ્વભાવ છે.
(૨) આત્માનું જ્ઞાન ............. સહિત છે.
(૩) ............... થી જીવો સિદ્ધ થયા છે, થાય છે અને થશે.
(૪) જીવો ભેદજ્ઞાનના ............... થી બંધાયા છે.
(૫) ............... અચ્છિન્નધારાથી નિરંતર ભાવવું.
(૬) ભેદજ્ઞાની ............. ના આનંદમાં કેલી કરે છે.
(૭) સમ્યક્જ્ઞાનના પ્રસાદથી જીવ ............. થઈને ............ માં રહેશે.
(૮) સમ્યક્જ્ઞાન જ ............. ને સુખનું કારણ છે.
(૯) ............. જેવો મનુષ્યભવ પામીને કોઈપણ રીતે ........... ને ઓળખ.
(૧૦) રાગથી જુદા .............. આત્માનું જ્ઞાન કરવું તે ઉપાય છે.
(૧૧) જ્ઞાનના સ્વાદમાં .............. ચૈતન્યરસ છે ............ આનંદ છે.
(૧૨) જ્ઞાનના સ્વાદને .............. જ ચાખી શકે છે.
(૧૩) સર્વજ્ઞદેવના .............. મોટા પુત્ર છે.
(૧૪) સર્વજ્ઞદેવના ................ નાના પુત્ર છે.
(૧૫) સાધકનું જ્ઞાન ............... નું સાધક છે.
(૧૬) જ્ઞાનીને ............. વગરની ........... ચેતનાના બળે નિર્જરા થાય છે.
(૧૭) અજ્ઞાની ............. ના એકત્વથી દુઃખ પામી .............ને સેવે છે.
(૧૮) તપ અને નિર્જરા મહા ............. રૂપ છે.
(૧૯) જૈન સંતો ............... વસ્તુ સ્વરૂપ જાહેર કરે છે
(૨૦) જ્યાં રાગનું કર્તવ્ય છે ત્યાં ........... છે ............ છે.

## બાળકો માટેના આપેલ પ્રશ્ન એપ્રિલ – ૨૦૧૮ના ઉત્તર

(૧) જ્ઞાન
(૨) આત્મસ્વરૂપ
(૩) વીતરાગ–વિજ્ઞાન
(૪) મહિમા–અતીન્દ્રિય
(૫) સ્વાનુભૂતિ
(૬) પ્રત્યક્ષ
(૭) અતીન્દ્રિય
(૮) અતીન્દ્રિયજ્ઞાન
(૯) આત્મા
(૧૦) પરોક્ષ–પ્રત્યક્ષ
(૧૧) અતીન્દ્રિય
(૧૨) સિંહ, હાથી
(૧૩) સમ્યક્
(૧૪) અરિહંત, સિદ્ધ
(૧૫) શુદ્ધોપયોગ
(૧૬) સર્વજ્ઞ સ્વભાવી
(૧૭) જ્ઞાન, રાગ
(૧૮) સમ્યક્જ્ઞાન–સર્વજ્ઞ
(૧૯) સમ્યક્દર્શન
(૨૦) સ્વહિત

## વૈરાગ્ય સમાચાર :–

* વિંછીયા નિવાસી છગનલાલ માણેકચંદ બોટાદરા તા. ૨૧-૧-૨૦૧૮ના રોજ દેહપરિવર્તન કરેલ છે.
* સાવરકુંડલા નિવાસી (હાલ ઘાટકોપર) શ્રી નેમચંદભાઈ હરિલાલ શાહ (ઉ.વ. ૯૨) બેંગલોર મુકામે તા. ૨૬-૧-૨૦૧૮ના રોજ શાંત પરિણામપૂર્વક દેહ પરિવર્તન કરેલ છે. તેઓશ્રીએ ૨૪ વર્ષની ઉંમરથી આજીવનપર્યંત પૂજ્ય ગુરુદેવશ્રી તથા બહેનશ્રીની ભવતાપનાશક સદ્દુપદેશનો લાભ પ્રાપ્ત કર્યો હતો. તેઓશ્રી ખૂબ ધાર્મિક વૃત્તિ ધરાવતા હતા.
* બોટાદ નિવાસી શ્રી મંજુલાબેન શિવલાલ ડગલી (ઉ.વ. ૯૨) તા. ૨૮-૧-૨૦૧૮ના રોજ દેહપરિવર્તન કરેલ છે. તેઓ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે અર્પણતાવાળા હતા. ઘણા વર્ષોથી સોનગઢમાં મકાન બનાવી ધર્મલાભ લેતા હતા.
* વિંછીયા નિવાસી (હાલ મલાડ) પ્રવીણચંદ્ર હિંમતલાલ કેશવલાલ ડગલી (ઉ.વ. ૮૨) તા. ૯-૩-૨૦૧૮ના રોજ દેહ પરિવર્તન કરેલ છે.
* અમદાવાદ નિવાસી કમળાબેન હરગોવિંદદાસ ગોપાણી (ઉ.વ. ૯૨) તા. ૧૦-૩-૨૦૧૮ના રોજ દેહ પરિવર્તન કરેલ છે. તેઓ ઘણા વર્ષ સોનગઢ સ્થાયી રહી પૂજ્ય ગુરુદેવશ્રી તથા બહેનશ્રીની ભવનાશક વાણીનો લાભ લીધો હતો.
* વિંછીયા નિવાસી (હાલ મલાડ) શ્રી વિલાસબેન ચંદ્રકાંત ડગલી (ઉ.વ. ૮૭) તા. ૧૨-૩-૨૦૧૮ના રોજ દેહપરિવર્તન કરેલ છે.
* ટુવા નિવાસી (હાલ મુંબઈ) અ.સૌ. અંજવાળીબેન કાંતિલાલ શાહ (ઉ.વ. ૯૯) તા. ૭-૪-૨૦૧૮ના રોજ દેવ-શાસ્ત્ર-ગુરુનું સ્મરણ કરતાં સ્વર્ગવાસ પામ્યા છે.
* શ્રીમતી હંસાબેન નરેન્દ્રભાઈ શાહ (ઉ.વ. ૭૪) (–તેઓ દાદર મંદિરના કમિટી મેમ્બર હિતેશભાઈ શાહના માતુશ્રી) તા. ૧૧-૪-૨૦૧૮ના રોજ ટૂંકી માંદગીમાં શાંત પરિણામપૂર્વક દેહપરિવર્તન થયેલ છે. તેઓ ઘણા જ શાંત પરિણામી તથા ધાર્મિક રુચિવાળા હતાં.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

---

જબ ઈન્દ્ર, ચંદ્ર આદિ ભી મરણકે દ્વારા નિશ્ચયસે નાશ કિયે જાતે હૈં તબ ઉનકે મુકાબલેમેં કીટકે સમાન અલ્પાયુવાલે અન્ય જનકી તો બાત હી ક્યા હૈ ? ઈસલિયે અપને કિસી પ્રિયકે મરણ હો જાને પર વૃથા મોહ નહીં કરના ચાહિયે. ઈસ જગતમેં તૂં ઐસા કોઈ ઉપાય શીઘ્ર ઢૂંઢ જિસસે કાલ અપના દાવ ન કર શકે.

(–શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંશવિશંતિ, અનિત્ય પંચાશત શ્લોક-૫૧)

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● પ્રશ્ન :—શુદ્ધનિશ્ચયનો પક્ષ તો કરવો ને ?

ઉત્તર :—પક્ષ કરવો એટલે શું ? અનુભવમાં જતાં પહેલા એવો પક્ષ આવે છે કે હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ છું. પુણ્ય-પાપ ભાવ તે હું નહિ—એવો વિકલ્પ સહિત નિર્ણય પહેલા આવે છે પણ એ મૂળ પરમાર્થ વસ્તુ નથી. પહેલા શુદ્ધ નિશ્ચયનયનો પક્ષ આવે છે. હોય છે પણ અંદર સ્વાનુભવથી નિર્ણય કરવો એ મૂળ વસ્તુ છે. ૨૮૭.

● અહો ! ભગવાનના વિરહ અહીં પડ્યા ને તત્ત્વની વિપરીત શ્રદ્ધા–આચરણવાળાને રોકનાર કોઈ રહ્યું નહિ. વસ્તુ અંતરની છે ને લોકો બાહ્ય ક્રિયાકાંડમાં ચડી ગયા ! ભાઈ ! અમે તો વસ્તુનું સ્વરૂપ જે સત્ય છે તે કહીએ છીએ. એથી વિપરીત શ્રદ્ધાવાળાને ન રુચે તો માફ કરજો. ભાઈ ! વિપરીત શ્રદ્ધાના ફળ બહુ આકરા છે. તેથી તો શ્રી કુંદકુંદાચાર્યે કહ્યું છે કે અમારા દુશ્મનને પણ દ્રવ્યલિંગ ન હો ! અમારે વ્યક્તિગત કોઈની સાથે વિરોધ નથી. તે બધા પણ દ્રવ્યસ્વભાવે તો પ્રભુ છે એથી દ્રવ્યે તો તેઓ સાધર્મી છે તેથી અમને સમભાવ છે. ૨૮૮.

● સમ્યગ્દૃષ્ટિ એમ જાણે છે કે શુદ્ધ નિશ્ચયનયથી હું મોહ-રાગ-દ્વેષ રહિત છું, એથી સમ્યગ્દૃષ્ટિને એમ હોતું નથી કે શુભ ને અશુભ બંને સરખા છે. માટે અશુભ ભલે આવે ? સમ્યગ્દૃષ્ટિ અશુભથી છૂટવા વાંચન, શ્રવણ, વિચાર, ભક્તિ આદિ કરે છે. પ્રયત્નથી પણ અશુભ છોડી શુભ કરો એમ શાસ્ત્રમાં ઉપદેશ આવે છે. શુભ ને અશુભ પરમાર્થે સરખા છે તોપણ પોતાની ભૂમિકા પ્રમાણે અશુભ કરતાં શુભમાં રહેવાનો વિવેક હોય છે અને તેવો વિકલ્પ પણ આવે છે. ૨૮૯.

● સ્વસમય અને પરસમય સાથે વાદ-વિવાદ કરવાયોગ્ય નથી. તું તારા આત્માનો અનુભવ કર. પરની સાથે વાદ-વિવાદમાં પડવા જેવું નથી. નિધાન પામીને નિજ વતનમાં જઈ ભોગવવા કહ્યું છે માટે પોતાની નિધિ પામી પોતે એકલા ભોગવવા જેવું છે. ૨૯૦.

● પ્રશ્ન :—સમ્યક્-સન્મુખ જીવ તત્ત્વના વિચારકાળમાં રાગને પોતાનો જાણે છે કે પુદ્‌ગલનો ?

ઉત્તર :—સમ્યક્ સન્મુખ જીવ રાગ તે પોતાનો અપરાધ છે તેમ જાણે છે અને અંદર ઉતરવા માટે રાગ તે મારું સ્વરૂપ નથી, રાગ તે હું નથી તેમ જાણીને તેનું લક્ષ છોડી અંદરમાં ઉતરવાનો પ્રયત્ન કરે છે. ૨૯૧

૩૬
આત્મધર્મ
મે-૨૦૧૮
અંક-૯ ● વર્ષ-૧૨

Posted at Songadh PO
Publish on 1-5-2018
Posted on 1-5-2018

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org